**આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક**

છૂટક નકલ ૬-૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. **૨૫/–** આજીવન **૨૫૧**/–
વિદેશમાં વાર્ષિક રૂા. **૫૦૦**/ (વિમાનથી) આજીવન **૫૦૦૦**/–

- **સંસ્થાપક : પ. પૂ. યોગેશ્વરજી** સર્વમંગલ ચે. ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
- **તંત્રી–સંપાદક** : શ્રી નારાયણ હ. જાની.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન** : ‘અધ્યાત્મ’ પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧. ફોન : **૨૫૭૨૫૦૨, ૨૫૬૫૮૧૧**
- ADHYATMA email Addres: adhyatma_editor@yahoo.co.in
- You can know about Shree Mahatmaji & Shree Maa from Website “SWARGAROHAN.ORG”
- **અધ્યાત્મના સહાયક સ્વજનો** : ૧. શ્રીગોરધનભાઇ કલોલા (કલ્યાણ) અને ૩. શ્રી જ્યોત્સ્નાબેન બી.ત્રિવેદી.
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** : નારાયણ હ. જાની.
- **મુદ્રણસ્થાન** : રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી-૧, બોરડીગેટ, ભાવનગર-૧


**★ લેખકોને નિમંત્રણ ★**

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે.

**★ અધ્યાત્મ અંગે સૂચનો ★**

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- ‘અધ્યાત્મ’ જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- લવાજમ માટે મનીઓર્ડર, ડીમાન્ડ ડ્રાફ્ટ ‘સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ’ના નામનો શ્રીનારાયણ હ. જાની, ૬ વૃન્દાવન ફલેટ, હવેલી પાસે, આતાભાઇ, ભાવનગર(ફોન-૨૫૭૨૫૦૨)ને મોકલવા વિનંતી છે.
- ‘અધ્યાત્મ’ દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઇ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- ‘અધ્યાત્મ’ અંગે કોઇ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
- આગલા મહિનાના અંત સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તે પછીના મહિનાની તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

You can know about Shree Mahatmaji & Shree Maa
from Website ‘SWARGAROHAN.ORG’

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| અભિનંદનીય સહાય | તંત્રી અધ્યાત્મ | ૩ |
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૪ |
| શ્રી યોગેશ્વરજીનું જીવન ચરિત્ર | ડો.આરૂણિકા મનોજ દરૂ | ૯ |
| આંખ મીંચાશે ત્યારે | યોગેશ્વરજી | ૧૫ |
| સાચી યાત્રા | લિયો ટોલટોય | ૧૮ |
| યોગી બ્રહ્મની મુલાકાતમાં | પોલ બ્રન્ટન | ૨૭ |
| Following His Footsteps | Pratik Smart | ૩૪ |
| પનામાનો પુણ્ય પ્રવાસ | મા સર્વેશ્વરી | ૪૨ |
| એક અભિનવ પારાયણ | જ્યોત્સ્નાબહેન ત્રિવેદી | ૪૭ |
| દેવી સુરેશ્વરી ભગવતી ગંગે | ધીરજબેન નાણાવટી | ૫૭ |
| રસેશ્વરી | શ્રી યોગેશ્વરજી | ૬૧ |

## અભિનંદનીય સહાય

પરમ પૂ.શ્રી યોગેશ્વરજીના એક પ્રવચનને સાંભળવાના પરિણામે પ્રારંભ પામેલી શ્રદ્ધાભક્તિ, એમના પરિવારમાં પ્રસાર પામી અને એટલી હદે વિસ્તરી કે એમના અમેરિકામાં વસતા સુપુત્રો શ્રીકમલેશભાઇ અને શ્રી પ્રશાંતભાઇ સપરિવાર પૂ.માના અંતરંગ સેવાભાવી ભક્તમાં સ્થાન પામ્યા છે. પરિણામે એમનાં પૌત્ર અને પૌત્રી શીવેન અને ઇશા વિદેશની પ્રથમ ફુલવાડી ૨૦૧૧માં પ્રવેશ પામી પૂ.માના સાંન્નિધ્યે સુસંસ્કારિત બન્યા. જેનો લાભ સિદ્ધ અને નિસર્ગને પણ મળ્યો.

એમનાં ધર્મપત્ની શ્રીમતી નર્મદાબહેનની પૂ.મા પ્રભુમાંની ભાવભક્તિ એમની પુત્રી ગીતા અને અમેરિકામાં વસતી પુત્રવધૂઓ શ્રી પારૂલ અને હીરલે તેમના દૈનિક જીવનમાં પણ ઉતારી છે. એવા શ્રી ગોવિંદભાઇ આકોલિયા પરિવારને અધ્યાત્મના આ અંકની પ્રસિદ્ધિ માટે આર્થિક સહયોગ ધરવા બદલ અભિનંદન. મા–પ્રભુ તેઓ સહુની સર્વપ્રકારે રક્ષા ને શુભ મંગલ કરે એ જ પ્રાર્થના.

**–તંત્રી, અધ્યાત્મ**



# અધ્યાત્મ

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**

**–મા સર્વેશ્વરી**

વર્ષ : ૩૪ એપ્રિલ–૨૦૧૨ અંક ૭

## શ્રી યોગેશ્વર કથામૃત

**–મા સર્વેશ્વરી**

**સ્થળ:–૨, નરસિંહનગર, નારણપૂરા, અમદાવાદ**

**તા.૧૫/૨/૮૨ ગુરુવાર ચૈત્રવદ સાતમ ૨૦૩૮**

**તા. ૧૬/૨/૮૨ શુક્રવાર ચૈત્રવદ આઠમ ૨૦૩૮**

ગઇકાલે મુલાકાતમાં એકાદ બે પ્રશ્નોની ચર્ચા થઇ.

પ્રશ્ન :– ગ્રહો સાધનામાં સાધક કે બાધક બને ખરા?

પૂ.શ્રી :– ગ્રહોમાં બહુ વહેમ ન રાખો. ગ્રહો કોઇના કાયમી દુશ્મનો નથી. તુલસીદાસ કહે છે. જાનકી નાથ સહાય કરે જબ, કૌન બિગાડ શકે નર તેરા!

ગ્રહો ગમે તેવા હોય પણ બુદ્ધિ ને વાતાવરણ પ્રમાણે પવિત્ર પુરુષાર્થ કરીએ તો સત્કર્મનું પીઠબળ વધે.

પ્રશ્ન :– સિદ્ધપુરુષો શરીર ન હોય તો પણ દર્શન આપે. તો પછી તેઓ મોક્ષ ન પામ્યા હોય?

પૂ.શ્રી :— કેટલાક સિદ્ધપુરુષો લોકકલ્યાણ અર્થે સૂક્ષ્મ શરીરે રહીને દર્શન માર્ગદર્શન આપતા હોય છે.

આજે મુલાકાત બંધ હતી.

પૂ.શ્રીના સ્થાન માટે એક જૈનભાઇ ગાંધીનગર જતાં વચ્ચે જમીન ભેટ આપવા માંગે છે. તે જોવા જવાનું હતું. ત્યાંથી આવતા ૩ વાગી ગયા. પૂ.શ્રીએ આરામ કર્યો.

સાંજે પ્રવચનમાંથી આવતાં ધ્યાનંદ સરસ્વતીની થોડી વાતો થઇ.

આ વખતના અમદાવાદના પ્રવચનોમાં પણ શ્રી ઈશ્વરભાઇ પેટલીકર નિયમિત આવે છે. તેઓ જાણીતા સાહિત્યકાર છે. છતાં અધ્યાત્મ માર્ગે પણ રૂચિ રાખે છે.

પ્રવચનમાંથી આવી પૂ.શ્રી હળવો નાસ્તો લે છે. પછી આરામ.

**શનિવાર ૧૭–૦૪–૮૨ ચૈત્રવદ આઠમ ૨૦૩૮**

આવતીકાલે પૂ.શ્રીની જન્મભૂમિ સરોડા જવાનું છે. પૂ.શ્રી એ ભૂમિ સાથે સંકળાયેલાં કડવાં મીઠાં સંસ્મરણો સવારના પ્રહરમાં સર્વેશ્વરી આગળ રજૂ કરે છે.

વળી પૂ.માતાજી પોતાની દીકરીને તેની સેવાને તેમના બાળકોની કેવી સાર સંભાળ રાખતાં તેની પણ પૂ.શ્રી વાત કરે છે. પૂ.માતાજીની સારસંભાળ સામે અંતિમ અવસ્થામાં તે સૌએ કેવો કઠોર વ્યવહાર કર્યો તેની પણ થોડી વાતો થાય છે.

સરોડા સાથે સંકળાયેલા સંસ્મરણોનું સ્મરણ કરી પૂ.શ્રીએ માતાજીને જાણે પ્રેમાંજલિ આપી.



લેખનકાર્યનો ક્રમ શરૂ થઇ ગયો.

રામાયણનો કાવ્યાનુવાદ થઇ રહ્યો છે. નિયમિત વ્યાયામ કરી દૂધ પીધા પછી પલંગ પર બેસીને કલમ ચલાવી રહ્યા છે. સરોડામાં રહીને પણ ઘણાં પુસ્તકો પૂ.શ્રીએ લખ્યાં છે.

આજે ભોજનમાં દાળ રોટલી લે છે. ભોજનબાદ મુલાકાતીઓ આજે ઘણાં છે. ઓરડો ભરાઇ ગયો છે.

સર્વેશ્વરી વિદેશયાત્રાનો એક દિવસ વાંચી સંભળાવે છે. પછી પ્રશ્નો શરૂ થઇ જાય છે.

પ્રશ્ન :— ગાયત્રી સાથે હોમ શરૂ થયા છે તે યોગ્ય છે?

પૂ.શ્રી:— હોમ, હવનને બદલે વાસના ન કરો, ખોટા વિચારો બુરી ભાવના ન કરો. જેનો હોમ કરવાનો છે તે કરો.

માનસિક શાંતિ માટે ગાયત્રી હોમ વિના જપી શકાય.

પ્રશ્ન :— ધ્યાનમાં જપને બદલે શ્લોકો બોલી શકાય?

પૂ.શ્રી :— શ્લોકો એ પ્રભુની સ્તુતિ જ છે અને સ્તુતિ પણ એક પ્રકારના વિસ્તૃત જપનો જ પ્રકાર છે.

પ્રશ્ન :— ધ્યાનમાં એક પદ્ધતિ એવી છે કે મનને જ્યાં જવું હોય ત્યાં જવાદો તો એ અંગે આપ શું માનો છો?

પૂ.શ્રી :— એવું કેવી રીતે થાય? મન તો એક મીનીટમાં કોઇના ખિસ્સા પર પહોંચી જશે. સાથે તન પણ તે કાપવા પછી તૈયાર થશે, તો તે વખતે સદ્અસદ્નો વિવેક તો કરવો જ પડશે. કૂતરાને પણ આપણે ઘરમાં ગમે ત્યાં જવા દેતા નથી. તો મન જ્યાં ત્યાં જાય તેને છૂટો દોર ન અપાય.

મનને તેના વિચારો કરવા દો. આપણે આપણા જપના જે

વિચાર છે તે પકડી રાખો એટલે મનના વિચારો પછી ટકશે નહીં.

પ્રશ્ન :— કોઇ આપણને જૂઠી રીતે ગુનાપાત્ર માને તો ક્રોધ ખૂબ આવે તો શું કરવું?

પૂ.શ્રી :— અરે, અમને પણ ઘણાં ખોટી રીતે જુએ તો એની સામે વિચારીએ કે એની ભૂમિકા એટલી જ છે. એની અનુભૂતિ કે એની સમજણ એવી જ છે. જેથી એ રીતે જ તે જોઇ શકે છે. માટે આપણે માટે તે ક્રોધને પાત્ર નથી. દયાને પાત્ર છે. એના સંસ્કારો જ એ જાતના છે. તેના માટે દયા રાખવી ને પ્રાર્થના કરવી. ક્રોધ તો કરવો નહીં.

પ્રશ્ન :— હું ૨૫ વરસથી સાધના કરું છું. મારે ભગવાન શંકરનાં પદ્માસન અવસ્થામાં દર્શન કરવાં છે. પણ ધ્યાનમાં બેસું ત્યારે લિંગ ને ૐકારના જ દર્શન થયાં કરે છે તો મારે શું કરવું?

પૂ.શ્રી :— તમને જેવાં દર્શન જોઇએ છે તે માટે જ કલ્પના કરો. તેને માટે જ પ્રાર્થના કરો. વચ્ચે જે દશ્યો દેખાય તેને બહુ મહત્ત્વ ન આપો.

પ્રશ્ન :— ધ્યાન, આસનને પ્રાણાયામ મોટી ઉંમરે થઇ શકે?

પૂ.શ્રી :— ધ્યાન તો કોઇપણ ઉંમરે થઇ શકે. આસનોમાં જરા મુશ્કેલી પડે જો મેદવાળું શરીર હોય તો અને પ્રાણાયામ પણ હળવા દીર્ઘ શ્વાસ પ્રશ્વાસ લઇને થઇ શકે. બીજા પ્રાણાયામ ન થાય.

બીજા પણ થોડા પ્રશ્નો પૂછાયા જે ઘણીવાર ચર્ચાય ગયા હતા, જેથી નોંધ ન કરી.



સૌએ પ્રણામ કરી વિદાય લીધી. સૌને દ્રાક્ષનો પ્રસાદ અપાયો. પૂ.શ્રીએ થોડી છાશ લીધી આરામ કર્યો. દોઢ કલાક લેખનકાર્ય કર્યું.

આજે પ્રવચનનો છેલ્લો દિવસ. પૂ.શ્રીના પ્રવચન પછી શ્રોતાઓ પૈકી થોડા ભાઇઓએ અંજલિ આપી. તેમાં શ્રી ઈશ્વરભાઇ પેટલીકર (જાણીતા સાહિત્યકાર) મુખ્ય હતાં. તેમણે અંજલિ આપતાં જણાવ્યું કે આપણે આપણા યુગની મહાન વિભૂતિને ઓળખવા માંગતા નથી. આપણી આંખ સામે પડદા નંખાઇ જાય છે. મીરાંનું જીવન વાંચેલું પણ મીરાં જેવાં જ મા સર્વેશ્વરીને પણ આપણે ઓળખીએ.

આજે છેલ્લો દિવસ. ઘણું મોડું થયું. ઉતારા પર આવી ગયા. ફક્ત દૂધ લઇ આરામ કર્યો.

(ક્રમશઃ)

### ❋ ગંગાજીનો મહિમા ❋

**अहो माया जगत्सर्वं मोहयत्येतदद्भुतम् ।**
**यतो वै नरके यान्ति गंगानाम्नि स्थितेऽपि हि ॥**

"એ તો આશ્ચર્ય છે મોટું માયાનું જગમાં ખરે,
"ગંગા" નામ છતાં પ્રાપ્ત લોકો નરક જાય છે."

**सकृदप्युच्चरेद्यस्तु गंगेत्मेवाक्षरद्वयम् ।**
**सर्वपापविनिर्मुक्तो विष्णुलोकं स गच्छति ॥**

"ગંગા" એવા અક્ષરો એ બોલે એક જ વાર કો,
સર્વ પાપ થકી છૂટી વિષ્ણુ લોકે જશે નકી."

# યોગેશ્વરજીનું સંક્ષિપ્ત જીવન ચરિત્ર

ડૉ. આરૂણિકા મનોજ દરૂ

### યોગેશ્વરજી એ કરેલા પ્રવાસ

યોગેશ્વરજીએ પૂર્વ, પશ્ચિમ ઉત્તર અને દક્ષિણ ભારતનો પ્રવાસ એકથી વધારે વાર કર્યો હતો. પૂર્વમાં કલકત્તા અને જગન્નાથપુરી, દક્ષિણેશ્વરની, રામકૃષ્ણ પરમહંસના પ્રિય સ્થળોની મુલાકાત લીધી હતી. પશ્ચિમમાં સોમનાથ મહાદેવ તથા દ્વારકાધામની, ઉત્તરમાં હિમાલયનો પ્રવાસ તો અનેકાનેક વાર કર્યો હતો. દક્ષિણ ભારતમાં રામેશ્વર, કન્યાકુમારી સુધી જઇ આવ્યા હતા. શ્રી રમણ મહર્ષિના આશ્રમની પણ મુલાકાત લીધી હતી. જ્ઞાનેશ્વરનાં દર્શન કરવા પૂના, આણંદી, પંઢરીનાથ જેવાં સ્થળોની પણ મુલાકાત લીધી હતી. ઉત્તરાંચલના ચાર ધામ ગંગોત્રી, યમનોત્રી, બદરીનાથ, કેદારનાથની યાત્રા કરી હતી અને માતાજીને પણ કરાવી હતી. કાશ્મીર તથા શ્રીનગર પણ ફર્યા હતા. માતાજીને ફેરવ્યાં હતાં. અમરનાથના બરફના શિવલિંગનાં પણ દર્શન કરી, પૂજાનો લાભ લીધો હતો. યોગેશ્વરજીએ જીવનની શરૂઆતના ચાર દાયકામાં પુષ્કળ પ્રવાસ કર્યો હતો. મોટા ભાગનો પ્રવાસ તો તેમણે પગપાળા જ કર્યો હતો. તે વખતે આધુનિક યુગના જેવી વાહનવ્યવહારની સુવિધા પણ ક્યાં હતી? ક્યારેક પગપાળા, ક્યારેક મોટર રસ્તે ક્યારેક ટ્રેનમાં તો કાશ્મીર જતાં પ્લેનમાં પણ મુસાફરી કરી હતી. આ બધી મુસાફરીનો ખર્ચ ઇશ્વરની કૃપાથી તેમને મળી રહેતો એ આશ્ચર્યકારક નથી! તેમણે તેમના જીવનમાં



અર્થોપાર્જન માટે કેવળ ત્રણ જ વ્યવસાય અને તે પણ ટૂંક સમય માટે જ કર્યા હતા તે આપણે આગળ જોઇ ગયા છીએ તો આ બધા અસંખ્ય પ્રવાસના ખર્ચાનું શું? એ ખર્ચા ક્યાંથી નીકળતા તે તો યોગેશ્વરજી જ જાણે! અલબત જીવનમાં તેમણે પૈસા માટે ક્યારેક કોઈ પાસે હાથ લાંબો કર્યો ન હતો પણ ખુદ ભગવાન જ તેમના યોગક્ષેમ વહામ્યહમ્ હતા. ઇશ્વરશ્રદ્ધાની ક્યારેક કસોટી થતી પણ માર્ગ નીકળી આવતો. (અગાઉ દક્ષિણેશ્વરમાં બંગાળી ભક્ત પુલિનબાબુના પ્રસંગમાં આવી ચમત્કારી ઘટના આપણે જોઇ ગયા છીએ.)

### મરજીવા કાઢે મોતી

યોગેશ્વરજીએ જીવનમાં ખૂબ ખૂબ પ્રવાસો કર્યા, છતાં બહુ જ ઓછા ખર્ચે કર્યા. યાત્રા દરમ્યાન તેમજ સાધના દરમ્યાન તેમને પારાવાર મુશ્કેલીઓ પડી હતી. ક્યારેક શારીરિક પીડા, પોતાની કે અન્યની બીમારી, તેમની તથા તેમના માતાજીની ઝાડાની બીમારી, બેનને વાળાનું દર્દ, ઉપવાસની અશક્તિ, તાવ ઉપરાંત જીવજંતુઓનો ત્રાસ, મિનાર જેવાં જીવડાંનાં ત્રાસ, વાંદરાઓના ટોળાનાં તોફાન, દુર્ગંધ મારતાં મૃતવાનરને દૂર કરવાની સમસ્યા, રીંછનો સામનો ક્યારેક કુદરતી તોફાન વર્ષા, વાવાઝોડું, પહાડ પરથી ગબડે અને ભયંકર અવાજ થાય. કુટિયા ભાંગી જાય તેવો ભય રહે એ બધી જ અસલામતી વચ્ચે કેવળ ઇશ્વર પર ભરોસો રાખીને તેમણે નામસ્મરણ વ્રત, તપ જપ, ધ્યાન ચાલુ રાખ્યાં. તેમની આ પરિસ્થિતિનો સાચો ચિતાર મેળવવા ઇચ્છનારે તો તેમની આત્મકથા ‘પ્રકાશના પંથે’ વાંચવી રહી. એ આત્મકથાના ૧૦૯૩ પૃષ્ઠોમાંથી ઘણાંબધા આ

સાધનાના માર્ગે તેમણે શું વેઠ્યું. કેવી રીતે વેઠ્યું અને તેનું પરિણામ શું આવ્યું તેને લગતાં છે. નવરાત્રીના મહિના છ સાત વર્ષ સુધી નકોરડા, નિર્જળા કે જળપાન યુક્ત, કેવળ દૂધ પરના એવા તો કે કેટલાય ઉપવાસો તેમણે કરેલા. તે દરમ્યાન તેની મનઃસ્થિતિનો સુંદર ચિતાર તે વખતની તેની રોજનીશીમાંથી સ્પષ્ટ મળે છે. એ રોજનીશીને આધારે જ તેમણે દળદાર આત્મકથા લખી છે આત્મકથાની પ્રથમ આવૃત્તિ ૧૯૭૭માં પ્રગટ થયેલી પણ અત્યારે તો એ પ્રત મેળવવી દુર્લભ છે. નવી આવૃત્તિ કેટલાંક ઉમેરણો સાથે તૈયાર થઇ છે અને તે બહાર પડી ચૂકી છે. જે વાચકમાં આટલાં બધાં પૃષ્ઠો વાંચવાની ધીરજ ન હોય તેને માટે સરળતા છે. આ પુસ્તકોનો સંક્ષેપ પણ પ્રગટ થયો છે. તેના સંક્ષેપકાર છે ઇશ્વરભાઇ ભક્ત 'પરમાર્થી' જિજ્ઞાસુઓએ તે મેળવીને અવશ્ય જોઇ જવો જોઇએ.

આટઆટલાં કષ્ટો વેઠીને જપ તપ કરતાં યોગેશ્વરજીને શું મળ્યું તેવો એક પ્રશ્ન થાય. જિજ્ઞાસુઓના મનના સમાધાન માટે કહેવા દો કે એમણે એટલું એવું અને અલભ્ય મેળવ્યું કે વાચકની આંખો અંજાઇ જાય, મન ચકરાવે ચઢે અને તેને આનંદના મહાસાગરમાં ડૂબકી મારવા મળે. સાગરમાં ડૂબકી મારી મરજીવાઓ મોતી કાઢે. તીરે ઊભા રહેનાર તો કેવળ તમાસો જ જુએ, તેને કોડી પણ ન મળે એવો હરિનો મારગ એ શૂરાનો મારગ છે. કાયરનું ત્યાં કામ નથી. એ મધ્યકાલીન કવિ પ્રીતમના શબ્દો સહુએ સંભારવા જેવા છે.

**દિવ્ય દર્શન, દિવ્ય લાભ**

યોગેશ્વરજીને જીવનની ચાળીસી વટાવે તે પહેલાં તો



અનેકાનેક સંતોનો મેળાપ થયો. જુદે જુદે સમયે તથા જુદી જુદી ભૂમિકાએ તેમને મગરસ્વામી, વેદબંધુ, નેપાલીબાબા, ભિક્ષુ અખંડાનંદ ઉડિયાબાબા, મોતીલાલ બ્રહ્મચારી, કૃષ્ણાશ્રમ, સરસ્વતીનંદન હનુમાનદાસજી વગેરેનો પરિચય થયો હતો. ઉપરાંત રામ, શંકર, સંત જ્ઞાનેશ્વર, સાંઇબાબા, જલારામબાપા ભગવાન બુદ્ધ, નારદ, નરનારાયણ વગેરેનાં દર્શન થયાં. માતા જગદંબાના સાક્ષાત્ દર્શન કરવાનો અકલ્પ્ય લાભ મળ્યો. ઉપરાંત રિદ્ધિ, સિદ્ધિ, અષ્ટસિદ્ધિ અને નવનિધિ એમ કુલ ઓગણીસ અસાધારણ સૌંદર્યસંપન્ન કન્યાઓએ યોગેશ્વરજીને હાર પહેરાવ્યા અને દિવ્ય આનંદ આપ્યો. ઈશ્વરની અહેતુકી કૃપાથી સૂક્ષ્મ જગતમાં રિદ્ધિ સિદ્ધિ વરી. પૂર્વજન્મનું જ્ઞાન થયું. સમાધિદશામાં દેહભાન ભુલાવા લાગ્યું. સૂક્ષ્મ સ્વરૂપે આકાશવિહારનો પણ દિવ્યનુભવ મળ્યો. આ બધા દિવ્ય દર્શન અને દિવ્ય લાભની ઉલબ્ધિથી સંતોષ માનીને યોગેશ્વરજી અટક્યા નહીં. શ્રદ્ધાપૂર્વક સમર્પણભાવે સતત પુરુષાર્થ કરીને, સાધનાના બળે, એમણે સિદ્ધિના શિખરો સર કર્યાં અને ફલસ્વરૂપે માતા જગદંબાના સાક્ષાત્ અખંડ દર્શનનો લાભ મળ્યો. સાધક યોગેશ્વરજી માટે હવે કશું જ બાધક ન રહ્યું. તેમની સાધના તેમણે કલ્પેલી સિદ્ધિને વરી. સાધનાની પરિપૂર્ણતા પછી જનસમાજ માટેના તેમના કાર્યનો ઉદય થયો એમણે જનસમાજનું આધ્યાત્મિક ઉત્થાનનું મિશન આરંભ્યું.

**ગુજરાતી મહાત્મા બન્યા યોગેશ્વર**

યોગેશ્વરજીએ લખેલાં બે પુસ્તકો 'અનંતસૂર' અને 'સરળગીતા'ના પ્રકાશનની યોજના તૈયાર થઇ. લેખક તરીકે

કોઈ મિતાક્ષરી, સારવાહી નામને અપનાવવાની ઈચ્છા હતી. યથાશક્તિ વિચાર કરવા છતાં, કોઈ ખાસ નામ પર પસંદગી ઊતરતી ન હતી. એક દિવસ ધ્યાનાવસ્થામાં માના દૈવીદર્શનનો દેવદુર્લભ લાભ મળ્યો તે સાથે 'યોગેશ્વર' નામનો અલૌકિક આદેશ મળ્યો. નામકરણની સમસ્યા ઊકલી ગઈ. ચિંતા તથા વેદના શમી ગયાં. અત્યાર સુધી તેઓ 'ગુજરાતી મહાત્મા' તરીકે જ ઓળખાતા હતા. પ્રકાશન સાથે યોગ્ય નામકરણનો પણ પ્રકાશ થયો અને એમનું નામ 'યોગેશ્વર' બની ગયું.

ઈ.સ. ૧૯૬૦નું એ વર્ષ સાધનાત્મક રીતે શકવર્તી નીવડ્યું. જે મહિમામયી શક્તિનો ધ્યાનાવસ્થામાં સંસ્પર્શ તથા સાક્ષાત્કર થતો તે સંસ્પર્શ અથવા સાક્ષાત્કાર જાગૃતિદશામાં સ્થૂળ ભૂમિકા પર તેમને હવે થવા માંડ્યો પરમાત્માની એ પરાત્પર પરમ ચેતનાનો સનાતન સંપર્ક અને એની સાથેનો ઈચ્છાનુસાર વાર્તાલાપ તેમને માટે શક્ય બન્યો. દૈવીશક્તિના અલૌકિક અદ્‌ભુત આવિર્ભાવની એ અવસ્થા હતી. શાશ્વત સ્વાનુભૂતિની કૃતકૃત્યતા હતી. અવર્ણનીય અનુગ્રહ હતો. જીવનની અમૂલખ આશીર્વાદરૂપ અમર ઘટના હતી. યોગેશ્વરજીનું જીવન ધન્ય બન્યું. અલબત્ત એ ધન્યતાના અનુભવ માટે એમણે યુવાવસ્થાથી જ સુખસાહ્યબી ત્યજીને જે શારીરિક યાતનાઓ વેઠી. માનસિક ઉદ્વેગો, પીડાઓ અને ત્રાસ સહ્યાં તેનું વર્ણન કરવું અશક્ય છે. વાચકે તેમની આત્મકથા 'પ્રકાશના પંથે'માં રોજનીશી રૂપે તેમણે તે સમયની જે અંતરની આરઝુ વ્યક્ત કરતી પ્રાર્થના તથા તે અંગે વિસ્તૃત નોંધ લખી છે તે અવશ્ય જોઈ જવી જોઈએ. રોજે રોજની નોંધ રાખતી એ ડાયરીએ તો સહુને મહાત્મા



યોગેશ્વરજીના જીવનથી માહિતગાર કર્યા. ભાઈલાલમાંથી ભગવંત, મહાત્મામાંથી યોગેશ્વર, માનવમાંથી મહામાનવ, સાધકમાંથી સિદ્ધ પુરુષ અને સામાન્યમાંથી અસામાન્ય બન્યા તે પાછળનો આખો ઈતિહાસ એ પૃષ્ઠોમાં સરસ રીતે આલેખાયો છે જે નિઃશંક રીતે અન્ય માનવને. અભ્યાસુને પણ પ્રકાશના પંથે દોરી જનાર પથદર્શક બની રહે તેમ છે.

પરમાત્માની પરમ ચેતનાની સ્થૂળ ભૂમિકા પરના એ અનુભવની અલૌકિક અવસ્થા ત્યારથી નિત્ય નિરંતર ચાલુ જ રહી. ધ્યાન, સમાધિ અને જાગૃતિના ભેદ રહ્યા નહીં માતા જગદંબાનું સતત સાન્નિધ્ય સાંપડ્યું. પરિણામસ્વરૂપે તેમનું જીવન હવે તેમની પોતાની ઈચ્છા મુજબ નહીં પણ મા જગદંબાના પવિત્ર પથદર્શન પ્રમાણે ચાલવા લાગ્યું. હવે તેમની પરજનહિતાય પ્રવૃત્તિઓ પાગરતી ગઈ.

(ક્રમશઃ)


ફોન : દુકાન : ૨૨૫૮૮૧૨ ઘર : ૨૬૬૪૦૭૮
મોબાઈલ : ૯૩૭૪૭૧૦૩૦૪

**દીપક સી. મહેતા**

**કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડિઓ**

૧, શ્યામ એપાર્ટમેન્ટ, કાકડીઆ કોમ્પ્લેક્ષ પાસે,
ઘોડદોડ રોડ, **સુરત**-૩૯૫૦૦૧

# આંખ મીંચાશે ત્યારે

— યોગેશ્વરજી

સાધારણ દેખાતી ઘટનાઓમાં પણ કેટલીક વાર અસાધારણ રહસ્ય સમાયેલું છે. અલબત્ત, એ રહસ્યનો તાગ મેળવવાની વૃત્તિ તથા શક્તિ હોવી જોઇએ. હંસની પેઠે જે સૌમાંથી સાર ગ્રહણ કરે છે તેને માટે સમસ્ત સંસાર એક મહાન વિશ્વવિદ્યાલયરૂપ બની જાય છે અને જીવનની પ્રત્યેક પરિસ્થિતિ કે ઘટના ગ્રંથરૂપ એવા સાર ગ્રહણ કરનારા પુરુષો બહુ વિરલ દેખાય છે એ વાત સાચી છે, પરંતુ એવા પુરુષો પોતાના જીવનને આશીર્વાદરૂપ બનાવી શકે છે, એ પણ એટલું જ સાચું છે.

ઋષિકેશમાં થોડાંક વરસ પહેલા એવા એક સત્પુરુષ આવી પહોંચ્યા.

એ મુંબઇના નિવાસી હતા. ખૂબ જ શ્રીમંત હતા તથા સમાજમાં પ્રતિષ્ઠિત પણ હતા.

ગૃહસ્થાશ્રમાં એમણે લીલાલહેર કરવામાં બાકી નહોતી રાખી.

પહેલેથી જ એ વ્યસની તથા કુમાર્ગગામી હતા.

પરંતુ એક ધન્ય દિવસે એમની આંખ ઉઘડી.

પોતાના આલીસાન મકાનની વિશાળ અગાશીમાં બેઠાં બેઠાં એકાગ્ર ચિત્તે ચાંદની રાતે એ પોતાના મિત્રોની પ્રશસ્તિ સાંભળી રહ્યા હતા ત્યારે એમનો એક મિત્ર ભર્તુહરિનું વૈરાગ્યશતક લઇને આવી પહોંચ્યો.



વૈરાગ્યશતકનો પેલો પ્રખ્યાત શ્લોક એને અત્યંત પ્રિય હતો. તે એણે વારંવાર અર્થ સમજાવતાં ગાવા માંડ્યો :

**'चेतोहरा युवतयः स्वजनोऽनुकूलः**
**सदबांधवा प्रणतिगर्भमिदं च भृत्याः,**
**गर्जन्ति दन्तिनिवहाः तरला तुरंगाः**
**संमिलने नयनयो र्नहि किंचिदस्ति.'**

ચિત્તનું હરણ કરનારી સુંદર સ્ત્રીઓ છે, અનુકૂળ સગાસંબંધી તથા ભાઇઓ છે, ખડે પગે આજ્ઞા ઝીલવા ઊભા રહેનારા સેવકો છે, હાથી તથા ઘોડાઓ છે એવી રીતે સંક્ષેપમાં કહીએ તો સર્વ પ્રકારની સાંસારિક સુખસાહ્યબી ને સંપત્તિ છે, છતાં પણ એમાં ખરેખર તારું એવું શું છે? આંખ મીંચાશે એટલે એમાંનું કશું જ નહિ હોય. કશું જ સાથે નહિ આવે.

એવા શબ્દોએ પેલા શ્રીમંત વિલાસી પુરુષના મનમાં ક્રાંતિ કરી. એવા શબ્દો અને ભાવો એમનાથી અજ્ઞાત હતા એવું ન હતું છતાં પણ એ એવા અસરકારક આ વખતે બની રહ્યા.

એના અનુસંધાનમાં જ એ ઋષિકેશ આવેલા. ત્યાંના શાંત એકાંત વાતાવરણનો લાભ લેવા. અલબત્ત, થોડા દિવસને માટે. કેમ કે એમણે બાહ્ય ત્યાગ કર્યો ન હતો તથા કરવા માંગતા પણ ન હતા.

એ કહેતા કે ઘરનો ત્યાગ, નામનો ત્યાગ કે વસ્ત્રોનો ત્યાગ શા માટે કરવો? ત્યાગ કરવાનો છે તે તો મનની વૃત્તિઓનો. વાસનાઓનો, વિકારોનો, કુટેવોનો, કુકર્મોનો કરવાનો છે. એવા અસરકારક રીતે અને યોગ્ય વખતે બોલાયા હતા કે એમની આંખ ઊઘડી ગઇ.

એમને થયું કે આટલી બધી સંપત્તિ હોવા છતાં એમાં મારું શું છે? યુવાનીના મદમાં અને સંપત્તિના નશામાં ભાન ભૂલીને મેં કેટલીય જાતનાં કુકર્મ કર્યાં અને અત્યાર સુધીના જીવનને એવી રીતે એળે ગુમાવ્યું. હવે મારે સવેળા ચેતવું જોઇએ ને શેષ રહેલા જીવનનો સદુપયોગ કરવો જોઇએ.

એમણે પવિત્ર જીવનનો સંકલ્પ કર્યો.

સંકલ્પ કર્યો એટલું જ નહિ. એ પ્રમાણે ચાલવા પણ માંડ્યું.

ભર્તુહરીના વૈરાગ્યશતકનો પેલો શ્લોક એમનો જીવનશ્લોક બની ગયો. એની છેલ્લી પંક્તિ એમને માટે અત્યંત પ્રેરક થઇ પડી.

એમનું જીવન પલટાઇ ગયું. પવિત્ર ત્યાગથી જ શાંતિ મળે છે ને જીવન ધન્ય બને છે. એટલું હું તો ઘરમાં રહીશ. વ્યવહાર કરીશ. ધંધામાં ધ્યાન આપીશું, પ્રામાણિકતાથી ચાલીને મન બીજા કશામાં નહી પણ ઇશ્વરમાં જ જોડાવાનો પ્રયાસ કરીશ. જેથી આંખ બંધ કરવાનો સમય આવે ત્યારે શાંતિથી બંધ કરી શકું, અને તે પહેલાં બનતાં કલ્યાણકારક કામ પણ કરી શકું.

એમની સમજણ જોઇને મને આનંદ થયો. થાય જ ને?

કબીરસાહેબ કહે છેઃ—

**चाह गई चिन्ता गई मनवा बे–परवाह ।**
**जिसकुं कछु न चाहिये सो शाहनका शाह ॥**



# સાચી યાત્રા

**લિયો ટોલટોય**

(આપણને જાણીને નવાઇ લાગે કે યાત્રા માટેનો પરંપરાગત ખ્યાલ કરતાં કંઇ જુદી જ સમજનું એકનાથ મહારાજે દર્શન કરાવ્યું, તેવું જ રશિયાના મહાતત્ત્વચિંતક લિયો ટોલ્સ્ટ્રોયની આ વાર્તામાં છે.

એકનાથ મહારાજની વાત કંઇક આવી છે. તેઓ મહારાષ્ટ્રના સાચા ઇશ્વરદર્શી સંત હતા. સંત જ્ઞાનેશ્વર પછી તેઓ ત્રણસો વર્ષ પછી થયા. એટલે સંત જ્ઞાનેશ્વર બારમા સૈંકામાં થયા, તો શ્રી એકનાથ મહારાજ પંદરના સૈંકામાં થયા.

તેઓ દક્ષિણ ભારતના કાશી તીર્થસમ ગણતા પૈઠણમાં રહેતા હતા. તે વખતની પરંપરાગત માન્યતા પ્રમાણે તેઓ ઉત્તરભારતના કાશી મહાતીર્થની યાત્રાએ કેટલાક બ્રાહ્મણ યાત્રીઓ સાથે ગયા. તે વખતે યાત્રાઓ પણ ચાલીને થતી. એવી પણ માન્યતા હતી કે કાશીથી મા ગંગાનું જળ લઇ રામેશ્વર શિવલીંગ પર તેનો અભિષેક કરે તો મહાપુણ્ય મળે.

ઉત્તર ભારતથી દક્ષિણ ભારત તરફ જવાનો પગ રસ્તો રાજસ્થાનના રણ વિસ્તારમાંથી પસાર થાય.

બન્યું એવું કે શ્રી એકનાથ મહારાજ સાથીઓ સાથે રણ વિસ્તારમાંથી પસાર થતા હતા, ત્યારે એક ગધેડો રસ્તાની એક બાજુએ પડેલો હતો. સાથીઆએ પણ એ જોયું અને જાણ્યું પણ ખરું કે તરસને લીધે વ્યાકુળ થઇ તે પડી ગયો છે. બધાંની પાસે કાવડમાં ગંગાજળ હતું. પરંતુ તે તો ભગવાન રામેશ્વરને

ચઢાવવાનું હતું, તેને આ ગધેડાને પાવા માટે થોડું વેડફી દેવાય? એટલે તેઓ એની ઉપેક્ષા કરી આગળ ચાલ્યા. પરંતુ સર્વમાં આત્મભાવે રહેલા પ્રભુને જોનાર શ્રી એકનાથ મહારાજ ત્યાંજ રોકાઈ ગયા. તેઓ ગધેડા પાસે ગયા અને એના મોંઢામાં ગંગાજળ રેડ્યું તો ગધેડામાં એકદમ ચેતન આવ્યું તે આડો પડેલ હતો. તે બેઠો થયો પરંતુ તે ખૂબ તરસ્યો હતો. એટલે એકનાથ મહારાજની કાવડનું બધું જ ગંગાજળ પી ગયો. તેમણે પણ ગધેડાની પૂરી તૃષા છીપાઈ ત્યાં સુધી એમ માનીને પાયું કે હે રામેશ્વર પ્રભુ તમે સર્વજીવોમાં વસો છો, તો મારું આ પાવાનું આપ પરનો અભિષેક માની સ્વીકારી લેજો.

કાવડ ખાલી થઈ જવાથી પછી એકનાથ મહારાજ માટે છેક રામેશ્વર સુધી જવાની આવશ્યકતા ન હતી. એટલે તેઓ પૈઠણ પાછા ફર્યા. સાથીઓ આગળ વધી છેક રામેશ્વર સુધી પહોંચ્યા. માર્ગમાં ચાલતાં તેઓ એકનાથ મહારાજની પ્રાણીઓ પ્રત્યેની દયાની ભાવનાની નિંદા કરતા રહ્યા. તો જ્યારે તેઓ કાવડનું ગંગાજળ લઈ રામેશ્વર ભગવાન પર અભિષેક કરવા આગળ વધ્યા તો તેમણે શું જોયું? એકનાથ મહારાજ રામેશ્વરના શિવલીંગ પર ગંગાજળનો અભિષેક કરી રહ્યા છે, એટલું જ નહીં, ભગવાન શંકર, પણ તેની જલધારા પોતાના મુખમાં ગ્રહણ કરી રહ્યા છે!

આ વાત તેઓ કેવી રીતે સ્વીકારી શકે, કારણ કે તેઓ જાણતા હતા કે એકનાથ મહારાજ તો અર્ધે રસ્તેથી પાછા ફરી ગયા હતા. પરંતુ ભગવાન શંકરે એમના સાથીઓને પ્રતીતિ કરાવી કે સર્વાત્મભાવે ગધેડાને પાયેલું ગંગાજળ એ પ્રભુને



સાચેજ પહોંચ્યું છે.

અહીં પણ એવી જ એક વાત છે. યાત્રા માટે સાથે લીધેલું ધન, ગરીબ પરિવારના મદદમાં ખર્ચાય જાય છે એટલે એલિશ પાછો ફરી જાય છે. પરંતુ તેનો મિત્ર એફિમ જેરૂસલેમ પહોંચી પવિત્ર કબર પર મીણબત્તી પ્રકટાવવા ભારે ભીડ વચ્ચે આગળ વધે છે. તો તેનો આશ્ચર્ય વચ્ચે તેને સૌથી આગળ એલિશ દેખાય છે. તે ધારીધારીને જુએ છે ને ખાત્રી કરી લે છે કે તે એલિશ છે. પરંતુ કબર પર પહોંચી પાછા ફરતાં તેને એલિશ દેખાતો નથી. તેજ રસ્તે પાછા ફરતાં એલિશ પાણી લેવા જે ઝુંપડા તરફ ગયો હતો, ત્યાં તેનું ભારે સ્વાગત કરી રાતવાસો કરાવી, તેઓને તેમના જેવા એક ડોસાએ કેવી મદદ કરી, પ્રભુમાં શ્રદ્ધા ખોઈ બેઠેલા તે લોકોના જીવનમાં શ્રદ્ધા પ્રસ્થાપિત કરી તે વાત કહી. એફિમ સમજી ગયો કે એલિશા જ હોવો જોઈએ. દીનદુઃખીઓની સેવા કરી તેમની સેવા દ્વારા જ તે આગલી હરોળમાં પહોંચી ગયો.

પોતાના આ અનુભવની વાત ઘરે આવી તે એલિશાને કરવા જાય છે, તો એલિશા તેને રોકી દે છે. એફિમને સમજાય છે કે ઈશ્વરનું વ્રત પાળવાનો અને ઈશ્વરેચ્છાને અનુસરવાનો સાચો માર્ગ તો એલિશાનો છે.

બન્ને વાતો યાત્રા નિમિત્તેની છે. દેશો જુદા છે. બન્ને વચ્ચે હજારો માઈલનું અંતર છે સમય પણ જુદા છે. બન્ને વચ્ચે ત્રણસો ચારસો વર્ષનું અંતર છે, કિન્તુ સાચો પ્રભુ પરાયણ માનવ ગમે તે દેશ કે કાળમાં પણ એક સરખું જ વિચારે ને તે પ્રમાણે આચરણ કરે તેનું આ ઉત્તમ ઉદાહરણ છે. વાંચકો એ

સમજે કે પ્રાણી કે માનવને પરમાત્માભાવે કરેલી સેવા પ્રભુને પહોંચે છે. આજના યુગમાં લોકો આ સમજે તે માટે મા સર્વેશ્વરી સત્કર્મો દ્વારા સાધકોને અભાવગ્રસ્ત ને દીનદુઃખીયાંની પરમાત્મભાવે સેવા કરવી તે કેવી ઉત્તમ છે તેની પ્રતીતિ લિયો ટોલ્સ્ટ્રોયની આ વાર્તા કરાવી જાય છે. **—તંત્રી**)

એફિમ ગામનો સાધનસંપન્ન ખેડૂત હતો અને તે ધીર, ગંભીર અને મક્કમ હતો. એલિશા તેના જ ગામનો એક સામાન્ય સ્થિતિનો માણસ હતો. પહેલાં તો તે સુથારીકામ કરી જીવનનિર્વાહ કરતો હતો, પણ હવે વૃદ્ધાવસ્થાને કારણે તેનાથી ઝાઝૂં કામ થાય એમ ન હતું. એટલે ઘરઆંગણે મધમાખી ઉછેરવાનું કામ કરતો. ગામ લોકો તેને ભલા અને આનંદી ડોસો તરીકે ઓળખતા. આ બંને ડોસાઓએ ઘણા સમય પર જેરૂસલેમની જાત્રાએ જવાની માનતા માની હતી, પણ જવાનો મેળ પડતો ન હતો. એલિશાના મનમાં જાત્રાએ જવાની વાત ઘોળાતી રહેતી, એટલે તેણે એફિમને પૂછ્યું, 'એફિમ, આપણે જેરૂસલેમની જાત્રાની માનતા ક્યારે પૂરી કરીશું?'

તેની વાત સાંભળી એફિમે મોં બગાડતાં કહ્યું, 'આ વરસ કંઈક કપરું છે, આપણે હજુ રાહ જોવી પડશે.'

'આમ, માનતા ઠેલ્યા કરવી બરાબર નથી, આ વસંતમાં જઈ આવીએ તો?'

'એલિશા, એ સમય તો બરાબર છે, પણ મારા મકાનનું બાંધકામ અધૂરું મૂકીને મારાથી શી રીતે નીકળાય?'

'ભલા માણસ! ખરો છે તું! એ કામ માટે તારો દીકરો છે જ. આપણે નહિ હોઈએ ત્યારે તો તેઓ આપણા વિના જ



પોતાનું ગાડું ગબડાવશે. એને પણ કામનો અનુભવ કરવા દે.'

ઘણી સમજાવટ પછી એલિશા તેના સાથીદાર એફિમને સમજાવવામાં સફળ થયો. બંનેએ જરૂરી પાગરણ તેમ જ ભાથું અને અન્ય સામાન લઈ લીધો. ગામના થોડા લોકો તેમને પાદર સુધી વળાવવા આવ્યા. તેમની રજા લઈ બંને ડોસાઓ જેરૂસલેમની જાત્રાએ નીકળી પડ્યા.

બંને ડોસાઓ ભક્તિપૂર્વક આનંદથી જેરૂસલેમના માર્ગે આગળ વધતા હતા. માર્ગમાંથી એક ગામમાંથી એમણે થોડીક રોટીઓ ખરીદી અને આગળ ચાલ્યા. મધ્ય બપોરે એક બીજું ગામ આવ્યું. એલિશા થોડો થાક્યો હતો. તેને તરસ પણ લાગી હતી, પરંતુ એફિમને આગળ વધવું હતું.

એલિશાએ એફિમને કહ્યું, 'તું ચાલતો થા, હું સામેના ઝૂંપડામાં પાણી પીને ઝપાટાબંધ આવી પહોંચું છું, આગળના વિસામે આપણે મળીશું.'

વાડ ઓળંગીને એલિશા ઝૂંપડાના બારણે પહોંચ્યો ત્યાં તેને કોઈના કણસવાનો અવાજ આવ્યો. તેણે અંદર નજર નાખી તો એક વૃદ્ધા લમણે હાથ દઈ બેઠી હતી. તેની નજીકમાં બેઠેલ છોકરો રડતો રડતો ખાવાનું માગતો હતો. એલિશા તે જ વખતે અંદર પ્રવેશ્યો.

એલિશા કંઈ બોલે તે પહેલાં જ તેને જોઈને ડોસીએ કહ્યું, 'તારે શું જોઈએ છે? અમારી પાસે કંઈ નથી.'

માજી, હું યાત્રાળુ છું અને પાણીની શોધમાં અહીં આવ્યો છું.'

'અમારે ત્યાં પાણી નથી.' અમે બધાં રોગનો ભોગ થયા

છીએ અને વધુમાં કારમી ગરીબી.

એલિશાનું મન દ્રવી ગયું. તેણે પોતાના થેલામાંથી રોટી કાઢી તેમને ધરી. રોટી જોતાં જ છોકરામાં ચેતન આવ્યું. તેણે હાથ લંબાવી રોટી લીધી. તેટલામાં તાપણા પાસે બેઠેલ નાની છોકરી પણ ત્યાં આવી પહોંચી. એલિશાએ તેને પણ રોટી આપી. પેલાં માજી અને તેના બિમાર છોકરાને પણ રોટી આપી. એલિશાએ વાડામાંથી ડોલ લીધી અને કૂવેથી પાણી ભરી લાવી બધાંને પાણી પાયું. પછી ગામમાંથી આટો—મીઠું—તેલ લાવીને થોડી રાબ બનાવી બધાંને પીવા આપી. માજીએ એલિશાનો આભાર માન્યો અને પોતાની કરુણ કથની કહી. ડોસીના પરિવારની દુઃખભરી દાસ્તાન સાંભળીને એલિશાનો જાત્રા માટે આગળ વધવાનો ઉત્સાહ ના રહ્યો.

એલિશાએ પોતાની પાસે રહેલ રૂબલ વડે તેમની ગીરો જમીન છોડાવી, તેમના માટે એક ઘોડો ખરીદી આપ્યો અને ઘર માટે પૂરતું અનાજ લાવી આપી દીધું. હવે ડોસીના દીકરાની તબિયત પણ કંઈક સુધરી હતી એટલે રાત્રે બધાંને સૂતાં મૂકીને જેરૂસલેમને રસ્તે આગળ વધ્યો. પરોઢિયું થતાં તો તેણે ત્રણેક માઈલનું અંતર કાપ્યું. સવાર થતાં એ એક ઝાડ નીચે આરામ કરવા બેઠો, તેણે ખિસ્સામાંથી પાકીટ કાઢી જોયું તો તેણે લીધેલા સો રૂબલમાંથી ફક્ત સત્તર રૂબલ અને વીસ કોપેક બચ્યા હતા.

એલિશાએ વિચાર્યું—'હવે આટલા પૈસામાંથી કંઈ જેરૂસલેમ પહોંચાય નહિ, એફિમ ભલે એકલો જ જેરૂસલેમ પહોંચે. તે મારા વતી ત્યાં મીણબત્તી જરૂર પ્રગટાવશે. હવે આ જિંદગીમાં કદાચ મારી જેરૂસલેમની જાત્રા ના પણ થાય, પરંતુ પ્રભુ દયાળુ



છે, કૃપાનો સાગર છે. તે મારી આ ભૂલ માટે મને જરૂર માફ કરશે.'

તેણે ખભે થેલો મૂક્યો અને ઘર તરફ પાછો ફર્યો. ઘરના માણસો તેને ઘેર આવેલ જોઈને પ્રસન્ન થયા. તેણે ફરી પોતાના મધમાખી ઉછેરવાનાં કામમાં ધ્યાન પરોવ્યું.

બીજી તરફ એલિશાના છૂટા પડ્યા પછીના વિસામે એફિમે મોડી રાત સુધી એલિશાની રાહ જોઈ, પછી થાકીને સૂઈ ગયો. સવારના જાગ્યા પછી તેને થયું કે એલિશા જરૂર આગળ નીકળી ગયો હશે.

એફિમ આખરે એકલો જ જેરૂસલેમ પહોંચ્યો. મુખ્ય દેવળમાં ભારે ભીડ હતી. એફિમે પ્રાર્થના માટે આગલી હરોળમાં પહોંચવા પ્રયત્ન કરી જોયા પણ ભીડ એટલી હતી કે તસુભાર આગળ વધવું પણ મુશ્કેલ હતું. ઈશુની કબર પર છત્રીસ દીવા પ્રગટાવેલા હતા. એફિમ આગળ ઘણા યાત્રાળુઓ ઊભા હતા. એફિમ એ બધાની પાછળ કબર પર નજર નાખી પ્રાર્થના કરતો ઊભો હતો, ત્યાં તેની નજર કબર પાસે સાવ નજીકમાં જ ઊભા રહી પ્રાર્થના કરતા એક માણસ પર પડી. તેને થયું અરે! એલિશા અહીં ક્યાંથી? એલિશાએ પ્રાર્થના પૂરી કર્યા પછી ત્રણ વખત નમન કર્યું. એક વખત ઈશુને અને પછી જમણી અને ડાબી બાજુએ ઊભેલા માણસોને. એ જ્યારે જમણી તરફ નમન કરતો હતો ત્યારે એફિમે તેને બરાબર ઓળખી કાઢ્યો. એલિશા નજરબહાર ના જાય તે માટે એફિમ બરાબર તેને જ જોતો રહ્યો, પણ પ્રાર્થના પૂરી થતાં જ પવિત્ર કબર સુધી પહોંચવા માટે અને તેને સ્પર્શ કરવા માટેની ધક્કામુક્કીમાં

એફ્રિમ બાજુએ ધકેલાઈ ગયો. ટોળામાંથી માર્ગ કરીને તે આગલી હરોળ સુધી પહોંચ્યો તો ખરો, પણ પહોંચીને જુએ તો એલિશા ત્યાં નથી.

એફ્રિમ જાત્રા પૂરી કરીને હવે ઘરભણી જવા નીકળ્યો. ચાલતાં ચાલતાં જે ગામમાં એલિશા પાણી માગવા ગયો હતો અને જ્યાંથી તે એફ્રિમથી વિખૂટો પડ્યો હતો તે ગામ આવ્યું. એલિશા જે ઝૂંપડામાં પાણી માગવા ગયો હતો તે જ ઝૂંપડામાંથી એક નાની છોકરી બહાર આવી. એફ્રિમને જોઈને તે ખુશ થઈ ગઈ હતી અને 'દાદા આવ્યા, દાદા આવ્યા,' એમ બૂમો પાડવા લાગી. છોકરીની બૂમો સાંભળીને તેની મા બહાર આવી. તેની સાથેનો નાનો છોકરો પણ એફ્રિમને જોઈ 'દાદા આવ્યા' કહેવા લાગ્યો. છોકરીની માએ કહ્યું, 'તમે અમારા મહેમાન થાઓ. આજનો દિવસ અમારી સાથે રહો, જમો અને રાતવાસો કરી સવારે ચાલી નીકળજો.' એફ્રિમે ત્યાં રોકાઈ જવાનું નક્કી કર્યું.

તે હાથ મોં ધોઈ રહ્યો ત્યાં તેની થાળી તૈયાર થઈ ગઈ હતી. પેલી બાઈ કોઈ મોંઘેરા મહેમાનને જમાડતી હોય તેટલા હેતથી એફ્રિમને જમાડ્યો. એફ્રિમે તેમના સત્કાર બદલ આભાર માન્યો.

બાઈએ કહ્યું, 'અહીંથી પસાર થનાર યાત્રાળુઓને આ રીતે આવકારવાનું એક કારણ છે. અમે ઈશ્વરને ભૂલી ગયાં હતાં, પરિણામે એવી હાલત થઈ ગઈ હતી કે અમે મરી જ ગયા હોત, પણ તે વખતે તમારા જેવા એક યાત્રાળુએ અમને જીવન શું છે, તે વાતનું દર્શન કરાવ્યું. આમ તો એ પીવાનું પાણી માગવા અહીં આવ્યા હતા, પણ અમારી સ્થિતિ જોઈ તેમને અમારી દયા



આવી અને જાત્રા પડતી મૂકી તેઓ અહીં જ રોકાઈ ગયા. અમારી ચાકરી કરી, રોગના ભરડામાંથી મુક્ત કરીને અમને બેઠાં કર્યાં એટલું જ નહિ, અમારાં ખેતરો ગીરો મૂક્યાં હતાં તે પણ છોડાવી આપ્યાં અને અમને માનવીની રીતે જીવતાં શીખવ્યું.' રાત્રે મોડે સુધી તેઓ આ બધી વાતો કરતાં રહ્યાં અને પછી સૌ ઊંઘી ગયાં, પણ એફ્રિમને ઊંઘ ના આવી. તે વિચારતો રહ્યો, 'આ લોકોના કહેવા પરથી લાગે છે કે એલિશાએ દુખિયારાઓની સેવા—ચાકરી કરી, તેમની સેવા દ્વારા જ તે આગલી હરોળમાં પહોંચી ગયો. ઈશ્વર મારી યાત્રા કદાચ કબૂલ ના કરે તેવું બને, પણ તેની જાત્રા તો જરૂર કબૂલ થઈ છે.'

બીજે દિવસે પેલા કુટુંબની રજા લઈ એફ્રિમ પોતાના ગામ ભણી ચાલી નીકળ્યો.

ઘેર પહોંચીને રાત્રે તેને ઊંઘ ના આવી. સવાર થતાં તે એલિશાને ઘેર પહોંચ્યો. એલિશાએ તેને આવકારતાં જાત્રા કરી આવવા બદલ અભિવાદન કર્યું. પ્રતિભાવમાં એફ્રિમે કહ્યું, 'હું તારે માટે તીર્થભૂમિની પવિત્ર રેતી અને પાણી લેતો આવ્યો છું, તે લેવા તારે મારે ઘેર તો આવવું જ પડશે, પણ કોણ જાણે મારી યાત્રાને ઈશ્વરે માન્ય રાખી હશે કે કેમ?' એફ્રિમે પૂરી વાત કરી. પછી જેરૂસલેમના દેવળમાં પાદરીની નજીક ઊભા રહી પ્રાર્થના કરતા એલિશાને જોયાની વાત કરવા જતો હતો ત્યાં એલિશાએ તેને એટલેથી જ અટકાવી દીધો. એફ્રિમને હવે સમજાઈ ગયું કે ઈશ્વરનું વ્રત પાળવાનો અને ઈશ્વરચ્છાને અનુસવાનો સાચો માર્ગ તો એલિશાનો જ હતો.

# યોગી બ્રહ્મની મુલાકાત

**—પોલ બ્રન્ટન**

**અનુવાદઃ— મહાત્મા યોગેશ્વરજી**

ભારતનાં આધ્યાત્મિક રહસ્યોની ખોજમાં એક અંગ્રેજી પુસ્તકનો અનુવાદ છે. પૂ.મહાત્મા યોગેશ્વરજી એ તે કર્યો છે. મૂળ પુસ્તકનું નામ છે. Search In Secret India તેના લેખકનું નામ છે પોલ બ્રન્ટન.

આ અંગ્રેજી પુસ્તકની ઘણી આવૃત્તિઓ થઈ છે ને તેના અનુવાદની પણ ૨૦૦૧ સુધીમાં પાંચ આવૃત્તિઓ થઈ છે.

મૂળ અંગ્રેજ લેખક પોલ બ્રન્ટન એક સાચો જીજ્ઞાસુ, બુદ્ધિવાદી છતાં શ્રદ્ધાળુ પશ્ચિમમાં જન્મીને ઉછેરેલો આધ્યાત્મિક જીવ હતો. ભારતની આધ્યાત્મિકતાનો પ્રત્યક્ષ પરિચય કરવા તે ભારત આવ્યો ને ભારતના વિવિધ પ્રદેશોના પરિભ્રમણ દરમ્યાન તેને જે સંતો, યોગીઓ મળ્યા, તેની પોતા પર પડેલ છાપ તેણે આ ગ્રંથમાં રજુ કરી છે કહેવું જોઈએ કે દક્ષિણ ભારતના મહાન ઋષિ યોગી શ્રી રમણ મહર્ષિને દુનિયાભરમાં પ્રસિદ્ધિ અપાવવાનું મહાન કાર્ય શ્રી પોલ બ્રન્ટનના આ ગ્રંથે કર્યું. તેના પરિણામે અનેક વિદેશીઓ રમણ આશ્રમમાં આવી આ મહા તપસ્વીના સાન્નિધ્યમાં આત્મિક શાંતિ અને સુખનો અનુભવ કરી શક્યા.

ભારતની સાચી આધ્યાત્મિકનો પરિચય કરવાની સાચી જીજ્ઞાસાવાળાએ પૂ.યોગેશ્વરજીનો આ ગ્રંથ અવશ્ય વાંચી જવા ભલામણ છે.



મૂળ લેખક કરતાં પણ આત્મિક રહસ્યોની ઘટાનાઓનું હાર્દ પૂ.યોગેશ્વરજી સારી રીતે પામી શક્યા છે, તેવો મારો અંગત મત છે.

—તંત્રી

શહેરની દક્ષિણ સીમા નક્કી કરનારી અડિયારી નદી મદ્રાસમાંથી વહીને સમુદ્રનાં ઉપર અને નીચે ઊઠતાં અનંત મોજાંમાં મળી જતી. એક સવારે એ સુંદર જલપ્રવાહ પાસે મારી રસવૃત્તિ જાણનારા એક બ્રાહ્મણ સાથે હું ધીમે પગલે ચાલતો હતો. થોડાક વખત પછી એણે ઓચિંતો મારો હાથ પકડ્યો અને કહ્યું : ‘જુઓ, આપણી તરફ આવી રહેલા પૈલા યુવાનને જોઈ શકો છો? એ યોગી તરીકે ઓળખાય છે. એ તેમને રસ પૂરો પાડશે, પરંતુ અમારી સાથે તો એ કદીય વાત નથી કરતા.’

‘કારણ?’

‘એમના નિવાસસ્થાનની મને ખબર છે. પણ આખાય વિસ્તારમાં એ સૌથી વધારે એકાંતિક સ્વભાવવાળા માણસ છે.’

એટલામાં તો પેલા અજાણ્યા પુરુષ અમારી પાસે આવી પહોંચ્યા. એમનું શરીર પહેલવાન જેવું હતું. એમની ઉંમર આશરે પાંત્રીસ જેટલી લાગી. કદ મધ્યમ કરતાં જરાક વધારે હતું. એમના હબસીને મળતા આવતા મુખને જોઈ મને અત્યંત આશ્ચર્ય થયું. કાળી મેંસ જેવી ચામડી, પહોળું, સપાટ નાક, જાડા હોઠ અને માન્સલ કાયા પરથી જણાતું હતું કે એમનું લોહી અનાર્ય છે. એમના લાંબા સારી રીત ઓળેલા વાળ મસ્તકની આજુબાજુ એકઠા થયા હતા. એમણે એક વિશિષ્ટ પ્રકારનું એરિંગ પહેર્યું હતું. શરીરે વીંટેલી સફેદ શાલ એમના ડાબા ખભાની ઉપર પથરાયેલી હતી. પગ ખુલ્લા હતા તથા એમના

પર કોઈ કપડું પણ નહોતું વીંટેલું.

અમારા તરફ જરીક પણ ધ્યાન આપ્યા વિના એ ધીમે પગલે આગળ ચાલ્યા. ધરતીમાં કશુંક ઢૂંઢવા માગતી હોય એવી રીતે એમની આંખ નીચે નમેલી હતી. એવું લાગતું કે એ આંખની પાછળનું મન કોઈક વિષયોનો ઊંડો વિચાર કરી રહ્યું છે. મને થયું કે ચાલતાં ચાલતાં એ શેનું ધ્યાન ધરી રહ્યા હશે?

એમને જોઈને મારી જિજ્ઞાસા તથા રસવૃત્તિ વધી પડી. અમને અલગ કરનારી વાડને તોડી નાખવાની ઉત્કટ ઈચ્છાએ મારા પર કાબૂ મેળવ્યો.

'મારે એમની સાથે વાત કરવી છે, આપણે પાછા ફરીએ.'મેં સૂચવ્યું.

બ્રાહ્મણે સખત વિરોધ કર્યો :

'એનો કંઈ અર્થ નથી.'

'હું કોશિશ તો કરી જોઉં.' મેં ઉત્તર આપ્યો.

બ્રાહ્મણે મને ફરી વાર સમજાવવાનો પ્રયાસ કર્યો.

'એમની પાસે પહોંચવાનું એટલું બધું અઘરું છે કે અમે એમને વિશે ભાગ્યે જ કશું જાણી શક્યા છીએ. પોતાના પડોશીઓથી પણ એ અલગ રહે છે. આપણે એમની વૃત્તિમાં વિક્ષેપરૂપ ન થવું જોઈએ.'

છતાં મેં એ નામી યોગીની દિશામાં ચાલવા માંડ્યું. એટલે મારા સાથીદાર માટે મારું અનુકરણ કરવા સિવાય બીજો કોઈ રસ્તો ન રહ્યો.

અમે એ યોગીની પાસે જઈ પહોંચ્યા. અમારી હાજરીની જરા પણ જાણ ન હોય તેમ એ ધીમે પગલે આગળ વધતા ગયા.



અમે પણ એમની પાછળ ચાલવા માંડ્યું.

'હું તેમની સાથે વાતચીત કરી શકું કે તે જરા પૂછી જુઓ.'

મેં મારા સાથીદારને કહ્યું, એ અટક્યા અને પછી માથું હલાવીને ધીમે સ્વરે બોલ્યા : 'ના, મારાથી એવું નહિ પુછાય.'

એક કીંમતી સમાગમને ખોઈ બેસવાની દુઃખદ શક્યતાએ મને વધારે પ્રયત્ન કરવા પ્રેરિત કર્યો. યોગીને મારે પોતે જ બોલાવવા એ સિવાય બીજો કોઈ વિકલ્પ ન હતો. હિંદુ અથવા અંગ્રેજ તરીકેની બધી જ રીતભાત કોરે રાખીને હું એમના માર્ગમાં એમની આગળ ઊભો રહ્યો. હિંદીના નાના ભંડારમાંથી મેં એક ટૂંકું વાક્ય બોલી બતાવ્યું. એમણે ઉપર જોયું. એમના મોઢા પર સ્મિતની રેખા ફરી વળી, પરંતુ મસ્તકની મદદથી એમણે નકારાત્મક સંકેત કર્યો.

એ વખતે મદ્રાસની લોકભાષા તાલિમનો એક જ શબ્દ જાણતો હતો, અને યોગીને અંગ્રેજીનું એથીય ઓછું જ્ઞાન હતું એમાં શંકા નહોતી. દક્ષિણમાં બહુ ઓછા લોકો હિંદીનું જ્ઞાન ધરાવે છે એની મને માહિતી નહોતી. સદ્ભાગ્યે બ્રાહ્મણને લાગ્યું કે એ દશામાં મને એકલો ન મૂકવો જોઈએ, એટલે એ મારી મદદે આવ્યા.

એમણે ઉતાવળા, ક્ષમા માગતા સ્વરમાં તામિલમાં કાંઈક કહેવા માંડ્યું.

યોગીએ ઉત્તર ના આપ્યો. એમની મુખાકૃતિ ગંભીર થઈ. આંખ શુષ્ક તથા પ્રતિકૂળ બની ગઈ.

બ્રાહ્મણે મુશ્કેલીમાં મુકાયા હોય તેમ મારી તરફ જોવા માંડ્યું. લાંબા સમય સુધી શાંતિ રહી. બંનેમાંથી કોઈને ન

સમજાય કે શું કરવું! મને સખેદ સમજાયું કે યોગીઓને બોલતા કરવાનું કામ કેટલું બધું કપરું છે. અંગત અનુભવો વિશે બીજાની સાથે વાત કરવાનું પણ પસંદ નથી પડતું. યોગ સંબંધી સહાનુભૂતિ કે સમજ ન ધરાવનાર ટોપાવાળા અંગ્રેજ માટે પોતાની ઊંડી શાંતિનો ભંગ કરવાનું કોઈ કહે તો તે તેમને નથી ગમતું.

એ લાગણીની સાથે એક બીજી લાગણી પણ ઉત્પન્ન થઈ. મેં આશ્ચર્યવશ થઈને અનુભવ્યું કે યોગી મારું બારીક નિરીક્ષણ કરી રહ્યા છે. મારા પર એવી છાપ પડી કે મારા અંદરના વિચારોને એ માનસિક રીતે તપાસી રહ્યા છે, છતાં બહારથી જોતાં એ અલિપ્ત અને ઉદાસીન દેખાતા. એ બાબતમાં મારી ભૂલ તો નહોતી થતી ને?

પરંતુ હું કોઈ સૂક્ષ્મદર્શક યંત્રથી જોવાતો માનવપદાર્થ બની ગયો છું, એવી વિચિત્ર લાગણીમાંથી મુક્તિ તો ન જ મેળવી શકાઈ.

બ્રાહ્મણે નિરુત્સાહ બનીને મને વિદાય થવાની સૂચના કરી. એકાદ મિનિટમાં જ એમના શાંત આગ્રહને વશ થઈને પરાજિત બનીને હું પાછો વળ્યો હોત, પરંતુ ત્યાં તો યોગીએ અચાનક હાથનો સંકેત કર્યો. એ મને પાસેના ઊંચા તાડવૃક્ષ પાસે લઈ ગયા અને એમણે અમને પોતાની સામે બેસવાનો શાંત સંકેત કર્યો. એ પોતે પણ જમીન પર બેસી ગયા.

એમણે બ્રાહ્મણની સાથે તામિલ ભાષામાં થોડીક વાત કરી. મેં જોયું કે એમનામાં ખાસ પ્રભાવ પાડવાની શક્તિ છે અને એમનો વ્યવહાર લગભગ સંગીતમય છે.



'યોગી તમારી સાથે વાત કરવાની તૈયારી બતાવે છે.' મારા સાથીદાર મને સમજાવ્યું. અને પછી પોતાના તરફથી કહી બતાવ્યું કે યોગીએ નદીના વણખેડાયેલા ભાગ પરથી કેટલાંય વરસો સુધી મુસાફરી કરી છે.

સૌથી પેલાં તો મેં યોગીનું નામ પૂછ્યું. એના જવાબમાં મને નામોની એવી તો લાંબી હારમાળા કહેવામાં આવી કે એમને હું તરત જ નવે નામે ઓળખાતો થયો. અપરિચિત વાચકોની સરળતા ખાતર એમનો ઉલ્લેખ બ્રહ્મને નામે જ કરતો રહીશ. વાતચીત દરમિયાન મેં એમને માટે ટૂંકુ નામ જ નક્કી કરેલું.

'એમને જણાવો કે મને યોગમાં રસ છે અને હું એ વિષે કાંઈક જાણવા માગું છું.' મેં કહ્યું.

એ વાક્યનો અનુવાદ સાંભળીને યોગીએ માથું હલાવ્યું.

'હા, મને તેની ખબર છે.' એમણે સ્મિતપૂર્વક ઉત્તર આપ્યો : 'સાહેબને ઈચ્છાનુસાર પ્રશ્નો પૂછવા દો.'

'તમે કઈ યોગપદ્ધતિનો અભ્યાસ કરો છો?'

'મારી પદ્ધતિ શરીરસંયમની છે. બધી જાતના યોગોમાં એ સૌથી કઠિન છે. શરીર તથા પ્રાણની સામે જક્કી ખચ્ચરની સાથે લડતા હોઈએ તેમ લડવું જોઈએ તેમજ જીતવાં જોઈએ. એ પછી જ્ઞાનતંતુઓ તથા મન પર સહેલાઈથી સંયમ સાધી શકાય છે.'

'એથી શો લાભ થઈ શકે?'

બ્રહ્મે નદી તરફ દૃષ્ટિ સ્થિર કરી.

'શરીરનું આરોગ્ય, મજબૂત ઈચ્છાશક્તિ અને દીર્ઘ જીવન એ થોડાક લાભ છે.' એમણે કહેવા માંડ્યું : હું જેમનો આધાર લઉં છું એ અભ્યાસમાં સિદ્ધહસ્ત બનનારા યોગીની માંસપેશીઓ

લોખંડી બની જાય છે. કોઈ પણ પ્રકારની પીડાથી એ ચલિત નથી થતો. હું એક એવા પુરુષને જાણું છું જેમની ઉપર ડોક્ટર દ્વારા ઓપરેશન કરવાનું હતું. એમને બેભાન બનાવવા કોઈ દવા નહોતી આપવામાં આવી. તોપણ એમણે એ કોઈ પણ પ્રકારના બડબડાટ વગર સહન કર્યું. એવા તકલીફ સિવાય ભયંકર ઠંડી પણ સહી શકે છે.'

મેં નોટબુક કાઢી, કારણકે મને લાગ્યું કે અમારો વાર્તાલાપ મારા ધાર્યા કરતાં વધારે રસમય બને તેવો હતો. મારી મિતાક્ષરી નોંધ જોઈને બ્રહ્મે ફરીવાર સ્મિત કર્યું, પરંતુ એનો વિરોધ ન કર્યો.

'તમારી યોગપદ્ધતિ વિશે વધારે કહો તો સારું.' મેં માગણી કરી.

'મારા ગુરુદેવે બરફથી ઢંકાયેલી હિમાલયની વિશાળ પર્વત માળામાં ફક્ત તજના જેવા રંગનો ઝભ્ભો પહેરીને વાસ કરેલો. પાણી તરત જ થીજી જાય એવા ઠંડા સ્થાનમાં એ કલાકો સુધી બેસી શકે છે. છતાં તેમને કશી તકલીફ નથી પડતી. અમારા યોગમાં એવી શક્તિ છે.'

'ત્યારે તો તમે શિષ્ય છો!'

'હા, હજુ તો મારે ઘણી ટેકરીઓ પર ચડવાનું બાકી છે. અમારી યોગક્રિયાના રોજના અભ્યાસ પાછળ મેં સતત બાર વરસ પસાર કર્યાં છે.'

'અને પરિણામે તમે અસાધારણ શક્તિઓ મેળવી છે?'

બ્રહ્મે માથું હલાવ્યું, પણ ગાઢ મૌન રાખ્યું.

(ક્રમશઃ)



# Following His Footsteps

**–Pratik Smart(U.S.A)**

Recently, I began reading “Pujya Shri’s” auto-biography (Prakash Na Panthe) once again. As I read through his early life and then his intense Sadhana in the Himalayas, I kept wondering about the different places he described in his writings. The enchanting descriptions of the holy land he had provided made me wants to follow his footsteps, be in those places he had lived in and see the things that he had described.

“Pujya Maa” has often said that one who asks will receive. Inner desires often turn up out-side and show their true colors to one who wants to see them with great intensity. Prayers are often answered when spoken with love and sincerity. On my trip to India in December, (2011). we got to see this example come alive when a surprise call from “Pujya Maa” Provided us an opportunity to be with her in Haridwar. The sheer thought of getting “Pujya Maa’s” darshan in the laps of “Maa Ganga” brought us cheer. Our faith had taken a giant leap on knowing that “Pujya Maa” does hear our prayers and fulfills

our sacred desires.

On December 7, 2011 we started early in the morning to board a flight to Delhi, then to Dehradun followed by a short road trip to Haridwar. Before the start of this journey, Pujya Maa had called us informing us of essentials to carry. On the way, there were several more calls from her, checking on our status. She took extra care to ensure that the young children travelling with us were comfortable during the travel. The trip to Haridwar passed within no time and soon we were at the lotus feet of "Pujya Maa". In the balcony of her stay at "Arya Nivas", her bright white silhouette brought back the familiarity that was etched in our memory. She turned around and flashed a bright smile that took away any tiredness that the days' travel may have brought along with it. Within minutes she pulled out a spellbinding plan that we had never dreamt of, a plan to visit Devprayag and to scale the holy Dashrathanchal Mountain the very next day. Knowing very well that the children would not stay back without us, she requested two satsngis (Darshana ben and Ranjan Masi) to travel with us and be with the children at



Devprayag while we went up Dashrathanchal. The thought of being in a place that I had read just a few days back had set a surge of emotin within me. I felt good being in the midst of satsangis that evening. "Pujya Maa's" darshan at the banks of the holy Gangaji was divine. Several pages from Pujya Maa's diary were read that evening where her participation in the evening "Aarti" to Maa Ganga was described elaborately. A few chapters from "Adhyatma No Anast Surya" were also read that evening, as part of the "Parayana" that had commenced a few days back. In the middle of all this my mind kept racing to Devprayag in anticipation of the pilgrimage that I very much looked forward to.

Our group of 13 satsangis along with two children, who were going to Devprayag, gathered outside "Pujya Maa's" room next morning. Many more had huddled up to the area to bid us farewell. The mood was festive and "Pujya Maa's" darshan that morning was a big blessing. She explained to us the importance of the 'yatra' and wrote on her slate that it was as sacred as a Jain pilgrimage to "Palitana" or to "Sammed Shikhar". She had asked Ranjan

Masi to do the tilak on our forehead and gave us all a token of “Lakshmi” before the start of the sacred journey. Our energy levels went soaring when “Lakshmi” before the start of the sacred journey. Our energy levels went soaring when “Pujya Maa” performed an Abhishek of the “Gangajal” on all of us. We chanted our morning prayers and then performed pranams to “Pujya Shree” seeking his special blessings for the “Maha Yatra”. Soon we were on the road making our way towards the holy town. The road was long and winding for the entire 3 hour journey. We left Haridwar and soon cut past the corner of Dehradun. In a couple of hours we were passing through Rishikesh, a very renowned city with a huge spiritual backgroud. The view was stupendous, as we gained altitude, with bright sunshine sparking the mountains and valleys far and wide. A nice refreshing breeze accompanied us all the way and gave hope of a momentous trip to Devprayag. The roads were a bit rough for some of us in the bus and we tried to stay focused by chanting prayers, bavanis, dhuns and bhajans. The only stop we made was at milepost 82 as we wanted to reach



Devprayag as soon as possible. Mountain slopes on one side and huge valleys on the other side remained our view for the entire trip to Devprayag. The sometimes quiet but often ebullient flowing “Maa Ganga” remained our constant companion on this journey.

In about three hours we had reached Devprayag. The town is about 70 km from Rishikesh and is at an elevation of about 2,700 feet. The town itselt is built on the mountain slopes that surround the comfluence of “Maa Bhagirathi” and “Maa Alaknanda”. There were scattered houses at different heights on the mountains. The habitant was much less than some of the others towns we had seen on our way. This was the home of the late Acharya shri Pt. Chakradhar Joshi (a scholar in Astronomy and Astrology) who established Nakshatra Vedh Shala (an observatory) in the year 1946. This was also home to “Pujya Shree” during his early days of intense Sadhna. Our first halt was at the foothills of the mountain that houses “Shantashram”. We all got down at this point and immediately started making our way up the mountain slopes. A few satsangis, who had

been here before, advanced ahead showing us the way to “Shantashram”. After a climb, of about 20 minutes, on a very narrow path we reached a quiet dwelling in the corner of the Mountain. There were two rooms for residence, a small temple built at the corner of the Mountain and a tin roof covered the area to keep it safe from the weather. This was “Shantashram”, the place where “Pujya Shree” had lived for many years during his sadhna in the Himalayas. A small rivulet made its presence felt with some noise and deep we could see the city of Devprayag. Immediately a lot of the words that “Pujya Shree” had penned seemed to come alive. The intense Sadhna in this house and his spiritual experiences, the story of the monkeys, Champak Bhai and “Prabhu’s” travel to many other places in the Himalayas from this very place all come back to life in a flash. We all gathered to chant the “bavanis” and then performed Pranams in front the room in which “Pujya Shree” had lived. Some devotees also recited some of the stories connected with “Pujya Shree” when he was in this very place. Each one of us was trying to find a way to con-



nect with “Pujya Shree” through prayers. With a request to the yogi living there the door of the room was opened. Up against the wall in that dark room we could see “Pujya Shree’s” photo frame, he was clad in white and showered a beaming smile on us. It still felt as if he was still present and we all bowed down many more times in front of that room seeking his blessings before desending back to the bus. Soon we rolled over a bridge that crossed the holy “Ganga” and checked into “Ramkund Resort”, our residence for two nights. on a terrace in the upper part of the village is the temple of Raghunathji, built of huge stones, pyramidal in form and capped by a white cupola. Since we had time that afternoon we decided to walk up to the temple. The footbridge over “Maa Alakananda” was old but it provided a very beautiful view of two very old rivers of the country. The road to the temple was narrow, layered with stones and bricks. Small houses and balconies seemed to hang out at different elevations. The temple was built by Shri Shankaracarya in honor of “Shree Ram” at the same location where a Yagna was performed by him on his re-

turn from Lanka. The temple has a South Indian style of construction and still has many details scripted in Tamil. The presiding deity was immaculately carved, very big in size and was being taken care of by the priests from the Shankaracarya Peeth. After the darshan we went to the base of the temple where the two rivers meet to become “Maa Ganga”. The view of the confluence at this spot was breathtaking. Taking a dip in this holy confluence provided immense peace. I took some time to sit there in silence to enjoy the quietness and divinity of the surroundings. We finished our chores early that evening and went to bed since we planned to leave for Dashrathanchal at 4 am.

**To be continued**

**मुक्ति मिच्छसि चेत् तात विषयान् विषवत् त्यज ।**

વિષયોને એટલે કે ભોગવાસનાને—વિષયોમાંથી સુખ મેળવવાની લાલસાને છોડી જ દો. કારણ વિષયભોગ જન્મ-મરણને દેનારા છે, જ્યારે વૈરાગ્ય તેની નિવૃત્તિ કરી મોક્ષસુખ આપનાર છે.



# પનામાનો પુણ્ય પ્રવાસ

(તા. ૭–૮–૨૦૦૫ ચાલુ) **—મા સર્વેશ્વરી**

સૌ પ્રસન્ન છે. જાણે પ્રાર્થના આટલી જલ્દી સંભળાશે એવી કોઈને કલ્પના પણ ન હતી. પ્રાર્થનાનો પ્રત્યુત્તર સૌ કોઈએ મન મૂકીને માણ્યો.

સૌ ધન્ય ધન્ય ગાવા લાગ્યા. અરે, સૌ ભાવવિભોર બનીને માને ચરણે પ્રણામ કરવા લાગ્યા.

દિવ્યેશભાઈ ગાડીમાં હતા. ગાડી ચલાવવી પડે ને! તે દોડતા આવીને માને ભીનો નેપકીન આપે છે.

પરિશ્રમ તો છે એવું માના શરીરે પ્રસ્વેદનાં બિન્દુઓ કહી રહ્યાં છે.

જરા મુખ ઉપર એ નેપકીન ફેરવી મા ધીમે પગલે ગાડીમાં બેઠાં છે. સૌ હજી ભાવવિભોર બનીને ગાયાં કરે છે.

મા ગાડીમાં બેસીને પગની પાની ઉપર ભીનો નેપકીન ફેરવે છે.

ત્યાંજ માને યાદ આવે છે કે આજે જે બસ પનામાના બાળકોને લાવી હતી તેનું ભાડું મા આપે.

એટલે એક છોકરીને મા તે રકમ આપે છે.

બસમાં ૫૭ યુવાન ભાઈબહેનો, બાળકો હતાં. દરેકને જવા આવવાના બે ડોલર હતા. મા યાત્રા કરાવે છે એવો એક શુભ સંકલ્પ શ્રીહરિ અહીં પૂર્ણ કરે છે. ૧૧૪ ડોલર શ્રી હરિ આપી દે છે મા દ્વારા. શ્રી યોગેશ્વર પ્રભુને પણ આ યુવા મંડળી પ્રિય લાગી છે તો જ યાત્રાની રકમ આપવાની ઈચ્છા માના અંતરે જગાડેને?

અરે, તો જ તે શ્રી લક્ષ્મીની પણ વર્ષા કરે ને!

આ શ્રી હરિને પણ ટેવ પડી છે. માના સર્વ શુભ સંકલ્પને દોડીને પૂર્ણ કરવાની હા, એ શ્રી હરિ જ અહીં મહાલી રહ્યો છે, મહેકતો રહ્યો છે, શ્રી હરિ જ અહીં મલકી રહ્યો છે.

સઘળું શ્રી હરિ જ આયોજન કરે છે. અદશ્ય રહીને આ દશ્ય જગતને જાણે પોતે ક્યાં કેટલો, કેવી રીતે વિલસી રહ્યો છે. તેનું આ અલૌકિક દર્શન કરાવે છે, પણ તે અતિ ગુપ્ત રહીને.

શ્રી હરિને કોઇ જાણીને પકડી લે તેનો ડર લાગતો હોય તેવું લાગે છે તો જ એ દૂર દૂર રહીને પોતાનાં સર્વકાર્યો પોતાના રમકડા પાસે કરાવીને પ્રસન્ન રહ્યા કરે છે.

પનામા આવવું, પર્વ ઉજવવું, યાત્રા કરવી, યુવાધનને પ્રત્યક્ષ પરિચયમાં લાવવું, સૌને આનંદ પ્રસન્નતા ધરવાં, સૌને સત્સંગની મોજ માટે અનુકૂળતા ધરવી, મરણ અકસ્માત કે માંદગી ના લાવવી, સૌનો સંપ ને પ્રેમ સ્થિર રાખવો, સૌને પરિશ્રમ ઉઠાવવાની શક્તિ આપવી.

આ બધી જ ગુપ્ત અલૌકિક યોજના શ્રી હરિ જ કરી શકે. સફળ પણ તેજ કરી શકે.

આવા સમર્થ શ્રી હરિને પણ ભક્તોનો ડર લાગે છે. તો જ ચૂપકિદીથી સર્વ શુભ કાર્યો કરીને પાછા છટકી જાય છે.

વારેવારે છટકવાની ટેવ પડી.

સર્વેશ્વરી જાણે એની નાડ ખરી.

એ અનુભૂતિ સત્ય છે. સત્યને સાક્ષીની જરૂર નથી સત્ય સ્વયં પ્રકાશિત છે.

શ્રી હરિ સૌના શુભ સંકલ્પો પાર પાડતા પાડતા પાછા



વળીને પોતાના સ્વરૂપમાં સમાઇ જાય છે.

આ બધી જ ઘટના શ્રી હરિની યોજનાની સાક્ષી છે.

શ્રી હરિ કેટકેટલો પરિશ્રમ આપ શુભ સંકલ્પો પૂર્ણ કરવા ઉઠાવો છો. ને ક્યાંયે સફળતાના યશની ઇચ્છા કે હસ્તાક્ષરનો વિક્ષેપ પણ આપ ઇચ્છતા નથી.

સૌને એવી શુભ સંકલ્પોની સફળતા સાથે એવી નમ્રતા, એવી મૌન રહેવાની શક્તિ ધરી દો.

પ્રભુ પ્રણામ પ્રણામ પ્રણામ.

રાતે અહીંના હિન્દુ મંદિરમાં આમંત્રણ હતું. ભાઇઓના ભજનોનો કાર્યક્રમ હતો.

પ્રથમવાર પનામા આવેલા ત્યારે એજ મંદિરમાં જાહેર વાર્તાલાપ માના થયા હતા.

એ જ મંદિરમાં આજે ૮।। થી ૧૦।। મા જાય છે.

એજ લાલ કારપેટની પગદંડી ઉપરથી મા મંદિર પહોંચે છે. મંદિરના ટ્રસ્ટીઓ હાથ જોડી ઊભા છે. અંદર ભજન ચાલુ છે. મા બેઠક લેતા પહોલાં પ્રભુને પ્રણામ કરે છે.

સ્વાગતમાં શ્રી ઇશ્વરભાઇ કહે છે મા પધારે છે સૌને સત્સંગનો લાભ મળે છે. દર વરસે પધારો ને જગાડતા રહો.

શ્રી ધનજીભાઇ પણ સરસ વાતો કરતા મા વારંવાર પધારે એવી વિનંતી કરે છે.

આજે શ્રી ગુલાબબહેન મેમ્ફીસવાળા પનામાની થોડી વિશેષતા વર્ણવીને સંપ ને પ્રેમની સુવાસ લઇને જઇશું એવી વાતો કરી માનો મહિમા ગાય છે.

જગદીપ વિશેષતા વર્ણવતાં કહે છે અહીં સંપ્રદાય, સંસ્થા

ન્યાત કે જાતના વાડા નથી. એ ઘણી મોટી વાત છે. સૌને શીખવા જેવી વાત છે.

મંદિરને અહીં પણ પૂ.શ્રી તરફથી ૫૦૦ડોલર ભેટ અપાયા છે. પૂજારીને પણ ૧૦૧ ડોલર અપાયા છે.

નિયમ સર્વત્ર સરખા. મંદિરનું કદી ના લેવું. મંદિરને યથાશક્તિ આપવું. નિયમો શ્રી હરિ જ પળાવે છે.

મંદિરમાં આજે પણ સારી સંખ્યા હતી.

આજે ત્રણ મંદિરની યાત્રા થઈ, પદયાત્રા પણ થઈ.

જ્યાં જ્યાં યાત્રા ત્યાં ત્યાં પ્રસાદ તો હોય જ ને!

પદયાત્રાનો પ્રસાદ માને પણ મળ્યો છે. શ્રીહરિ કદી કોઈને અન્યાય કરતા નથી. સૌને પ્રસાદી સરખી.

માને ચરણમાં બે તિલક પ્રસાદમાં મળ્યાં એટલે ચરણ જરા ધીમા પડાય છે. પ્રસાદ પામીને સૌ ભારે થઈ જાય તેવું.

પ્રભુએ એ પ્રસાદી પદયાત્રાના પથ્થરો દ્વારા અપાવી. માના ચરણના નીચેના ભાગમાં બે નિશાની હરિના હેતની પામ્યાનો આનંદ પણ છે. અને એ પ્રસાદી પામ્યાની ગંભીરતા પણ છે. એટલે માની ચાલ ધીમી હળવી થઈ છે. સ્વાભાવિક છે. રાતે જરા ચરણને માએ પોતાના હાથથી શાબાશી ધરી.

પ્રસાદી એક–બે દિવસ તો કામ કરે જ ને. ભલે કરે. હરિના હેતની એ પ્રસાદી વધાવવામાં પણ આનંદ છે. શ્રી દશરથાચલની પ્રસાદી તો થાળ ભરીને ચરણોએ ચાખી છે. જ્યારે અહીં તો ૧, ૨ કણ જ ચાખવાના છે.

આનંદ છે. હે હરિ તારી મોજમાં માની મોજ છે. તારી દરેક પ્રસાદી વધાવવાની શક્તિ ધરજે.



યાત્રા કરાવીને, યુવાન છોકરાઓના હૈયે પ્રવેશ કરાવીને, વ્યસનમુક્તિની યોજના શ્રી હરિ ઘડી રહ્યા હોય એવું લાગે છે.

શ્રી હરિના સર્વ પ્રયત્નોમાં જ મંગલ મંગલ છે. જ્યાં જે રીતે રાખે. જ્યાં જે રીતે લઈ જાય, જ્યાં જે રીતે કામ કરાવે એ દ્રષ્ટાભાવે માણવાની પણ એક મોજ મા માણ્યા કરે છે.

સઘળો વ્યાપાર શ્રી હરિનો છે. મુનીમ બનીને માણવાનું સદ્‌ભાગ્ય માને પ્રાપ્ત થયું છે. હે હરિ, તારા શ્રી ચરણોમાં વારંવાર પ્રણામ. જન્મોજનમ શ્રી ચરણોને જ વીંટળાઈ રહીએ. નિત્ય દર્શન, નિત્ય સંગાથ ધરી દો.

પ્રણામ, પ્રણામ, પ્રણામ, પ્રણામ, પ્રણામ, પ્રણામ.

### ❃ ગંગાજીનો મહિમા ❃

**गंगागंगेति यो ब्रूयाद् योजनानां शते स्थितः ।**
**सोऽपि मुच्येत पापेभ्यः किमु गंगाभिषेकवान् ॥**
“ગંગાનું નામ પોકારે, સેંકડો યોજને રહ્યો,
તે પણ પાપથી છૂટે, શું કે’વું સ્નાન પુણ્યનું?”

**विष्णुपादोदमया देवी विश्वेश्वरशिरेस्थिता ।**
**संसेव्या मुनिभिर्देवैः किं पुनः पामरैर्जनैः ॥**
“પ્રકટી વિષ્ણુપાદેથી રહે શંકરને શિરે,
સેવતા મુનિને દેવો નર સેવ્યે નવાઈ શી?”

# એક અભિનવ પારાયણ

જ્યોત્સ્નાબહેન ત્રિવેદી

નોંધઃ—

પૂ.માએ એક માસ માટેની હરિદ્વાર યાત્રાની જાહેરાત બે માસ પહેલાં કરેલી. યાત્રાના દિવસો હતા—૧૫ ફેબ્રુઆરીથી ૧૫ માર્ચ. તે વખતે જ પૂ.માના મનમાં **પ્રકાશના પંથે** આખા ગ્રંથના પારાયણનો વિચાર હશે જ. યાત્રાના દિવસોની વહેલી જાહેરાત તો એ માટે કરેલી કે જે સાધકોને આવવાની અનુકૂળતા હોય તેઓ રેલ્વેનું રીઝર્વેશન કરાવી શકે.

તો પૂ.માની પ્રત્યક્ષ હાજરીમાં પ્રકાશના પંથેનું પારાયણ સ્થૂલ શરીરે તો સાંભળી શકે એવી કોઇ શક્યતા શ્રી બચુભાઇ ભક્ત કે શ્રી જાગાણીભાઇની ક્યાં હતી? એક વિદેશ હતા, તો બીજા યુનિવર્સીટીના કાર્ય બોજ નીચે ડૂબેલા હતા કે નીકળી જ ના શકે. પરંતુ આ બન્ને આ પારાયણનું જાણે કે નિમિત્ત બની ગયા!

સો દોઢસો સાંભળનારાઓ ધન્ય બની ગયા—કારણ પ્રકાશના પંથે ગ્રંથનું પારાયણ ને પૂ.માની ઉપસ્થિતિમાં કેવું સદ્‌ભાગ્ય! શ્રોતાઓની પણ આસન સિદ્ધ થઇ ગઇ! રોજ બે બેઠકોમાં આઠ કલાક બેસવાનું સીનેમાની ત્રણ કલાકની બેઠકમાં પણ ચટપટી અનુભવે તો આમાં તો કસોટી થાય જ શે?

તો આ કથાના વાંચકની પસંદગી પણ પૂ.માની કેવી સરસ! ભાઇ રાજીવ જાની કે જેનું આખું જીવન પ્રકાશના પંથે સમજીને ભાવપૂર્વક વાંચવાના પરિણામે બદલાયું.



પિતાનો એક માત્ર પુત્ર હોવા છતાં ભરયુવાનીમાં જેણે સંસારમાં ન પડવાનો સંકલ્પ કરી, પૂ.માને ચરણે જીવન સમર્પિત કરવાનો નિર્ધાર કરી લીધો કેવો ઉમદા સંકલ્પ. કેવું સરસ મનોબળ? વિતરાગી મન! આવી વ્યક્તિઓ સમાજમાં બહુ ઓછી જોવા મળે.

અમને યાદ છે કે પ્રકાશના પંથેની નવી આવૃત્તિ પ્રસિદ્ધ થઇ ત્યારે ભાઇ શ્રી રાજીવે જે શબ્દો કહેલા તે આજે પણ કાનમાં ગુંજ્યા કરે છે. જે કોઇ વાંચક આ ગ્રંથ વાંચે ને એનું જીવન ન બદલાય તો માનજો કે તેણે એ ગ્રંથ પ્રેમ ને સમજપૂર્વક વાંચ્યો જ નથી! તેણે આ વાત પોતાના વ્યક્તિગત અંગત અનુભવના આધારે કરેલી. વર્ષો પહેલાં સ્વર્ગારોહણમાં માત્ર દૂધ ઉપર ઉપવાસ કરી તેણે આ ગ્રંથ ખૂબ ભાવ પૂર્વક વાંચેલો. પરિણામે તેણે સંસારના રાગી બનાવાને બદલે ત્યાગી બનવાની પ્રેરણા તેને પ્રાપ્ત થયેલી.

એ જોતાં લાગે જ કે પૂ.શ્રી રાજીવભાઇના પારાયણના વાચક તરીકેની પૂ.માની પસંદગી કેટલી બધી યોગ્ય છે!

વર્ષો પહેલાં શ્રી રાજીવનો પૂ.મા પરનો પ્રથમ લાંબો પત્ર વાંચીને પૂ.માએ હરિદ્વારથી દિલ્હી જતાં અમને કહેલું કે આ રાજીવનું હ્રદય એટલું સરસ ને પવિત્ર છે કે તેમાં વરસવાનું મન થઇ જાય. પૂ.માના વર્ષો પહેલાના એ શબ્દો કેવા યથાર્થ પૂરવાર થયા તે જોઇને અમને સાચે જ આનંદ થાય છે.

વિશેષમાં તેનો કંઠ પણ સરસ મીઠો ને બુલંદ છે, જે તેની પાત્રતામાં વધારો કરે છે. **—તંત્રી**

એક આત્મદર્શી સંતે જીવેલું, સિદ્ધાંતોથી સીંચેલું,

પ્રાર્થનાઓથી પરામર્થ પામેલું, જ્ઞાન, યોગ, કર્મ અને ભક્તિના પાયા પર રચાયેલું, સહુનું પથ પ્રદર્શક પ્રેરણાના પીયૂષ પાનારું, ચેતનવંતુ અને ચેતનવંતા બનાવનારું આપણા સહુનું અત્યંત આદરણીય અને વ્હાલું આપણું પરમ મહાભાગવત એટલે **'પ્રકાશના પંથે'.** નહીં કોઈ આત્મશ્લાઘા કે નહીં કોઈ આત્મવંચના, સહજ સરળ છતાં સહુ કોઈથી ન જીવી શકાય તેવું આપણું મહામૂલા ધન સમું આપણા પ્રભુનું આત્મચરિત્ર. તેનું પારાયણ એટલે જાણેકે જીવનનો અમૂલ્ય અવસર અને તે પણ ત્રિવેણી સંગમ—ગંગામાનો પવિત્ર અંક, મા સર્વેશ્વરીનો જ્ઞાન અને અનૂભૂતિનાં અમૃત પાનારો પવિત્ર અંક, અને સ્વયં પ્રભુની અક્ષર દેહે ઉપસ્થિતિ. આ વિરલ સંગમમાં જે સ્નાન કરી શક્યાં તે મહાભાગ્યશાળી. પણ જે ઉપસ્થિત નથી રહી શક્યાં તે સહુને પણ તે સિંધુમાંથી થોડા બિંદુ પહોંચાડવાનો એક નમ્ર પ્રયાસ છે. સુરતના શ્રી પંકજભાઈએ કરેલી નિયમિત નોંધના આધારે આ રસપાન શક્ય બન્યું છે. તે બદલ તેઓશ્રીનો ખૂબ ખૂબ આભાર.

અહીં ત્રણ બેઠકો છે. ડાબી બાજુએ શ્રી શ્રી મા વિરાજમાન છે. વચ્ચે સુશોભિત બેઠક પર પૂ.શ્રી પ્રભુ વિરાજમાન છે અને જમણી બાજુએ ભાઈશ્રી રાજીવ જાની જેણે સમગ્ર કથાનું સુંદર અવાજે અને સુસ્પષ્ટ રીતે વાંચન કર્યું, તેની બેઠક છે. તેમની ડાબી બાજુએ શ્રી જાગાણીભાઈ અને શ્રી બચુભાઈ ભક્તની પણ બેઠક છે. ભૂતભાવિના પડદા આપણને છે, પણ શ્રી શ્રી મા માટે તો બધું એક જ છે એટલે આપણા વ્હાલા દિવંગત સાધકોને પણ તે પારાયણ સંભળાવવામાં આવે છે.



આ પારાયણ તા. ૧૪–૨–૨૦૧૨ના દિને શરૂ થાય છે. અહીં માત્ર શ્રોતા નથી બનવાનું. દરેક પાસે પોતાનો ગ્રંથ છે. તે ગ્રંથનું આસન અને તેનું સ્ટેન્ડ પણ છે. સહુએ તેમાં નિમગ્ન થવાનું છે. ડૂબકી નથી મારવાની, ડૂબી જવાનું. મરજીવા થઈ મોતી પામવાનાં છે એવા એક અભિગમ સાથે પારાયણ પ્રારંભ પામે છે.

આ પારાયણની વિશિષ્ટતા એ છે કે પૂ.શ્રીમા માત્ર શ્રોતા કે વાંચક નથી, પણ અનુભૂતિઓનાં અમૃત પાનાર મા પણ બની રહ્યાં છે. પ્રત્યેક પ્રકરણ અથવા પ્રકરણોના અંતે શ્રી શ્રી માએ કંઈક પીરસ્યું છે. સમાંતર અનુભૂતિઓનો ભંડાર ખોલ્યો છે. અને એની સત્યતાને પૂરવાર કરે તેવી અનેક અનુભુતિઓની રસ લ્હાણ કરી છે. પ્રકરણોના અંતે શ્રોતાઓનાં આંખ ને કાન પૂ.શ્રી મા તરફ જ મંડાયેલા રહે છે. સહુને તે નવનીત પામવાની અભિલાષા છે.

પ્રકરણ ૧ અને ૨ના અંતે પૂ.શ્રી માની કલમ ચાલે છે. ''પ્રકાશના પંથ ઉપર મથામણ કરી આ નવનીત આપણને પૂ.શ્રીએ પીરસ્યું છે.'' પૂ.શ્રી કલમ જ ન લેત તો! આ ગ્રંથ ક્યાંથી મળત!

સત્યપથમાં ઘણા ભક્તો ખૂબ નિરાશાથી ઉભરાતા આવે છે ને તે એક માત્ર વાક્ય વાંચે છે ને દોડતા થઈ જાય છે. આપણા ટ્રસ્ટના ઓડિટનું જે ભાઈ કામ કરે છે તે ટ્રસ્ટની સ્થાપના થઈ તે વખતથી ''પૂ.માને પહેલી વાર પંદર વર્ષે મળે છે. ભારે ગૂંચ હતી તેની વિગતે માને વાત કરે છે અને મા તેમને પોતાની રીતે સમજાવે છે. ઉઠતી વખતે તેમણે કહ્યું આ વાક્ય જ મારા માટે

પૂરતું છે તે વાક્ય હતું'' આ દિવસો પણ ચાલ્યા જશે.''

પૂ.શ્રી પહેલી વાર અમારા નિવાસ સ્થાનમાં ઉતરેલા દિવાળીના દિવસો હતા. માને ઘર શણગારવાનું મન થયું. પછી પૂ.માને વિચાર આવ્યો પૂ.શ્રી પાસે જ કંઇ લખાવીએ અને તે લખાણથી જ ઘર શણગારીએ તો કેવું!

પૂ.શ્રી અમારી નવી સ્કૂલના ઉદ્‌ઘાટન વખતે પધારેલા. તે વ્હાઇટ કાગળો તેની પાછળની બાજુ ''માનપત્ર'' છપાયેલું છે.

૨૫ થી ૩૦ નંગ જેટલા હતા. આખી સભામાં વહેંચતા ૨૫–૩૦ કાગળો વધેલા. તે પૂ.શ્રીનું માનપત્ર હોઇ અમે ઘરે લઇ આવ્યાં. આજે પણ યોગતીર્થ તેનાથી શણગારેલ છે.

''આ દિવસો પણ ચાલ્યા જશે.'' ''સાગરમાં પડ્યા તો મોજા તો આવશે જ!'' ''તું ચિંતન કર, એ ચિંતા કરશે.'' એ બધાં સુવાક્યો માના ઘર શણગારવા કામ લાગેલાં. આજે તો તે વાક્યો જડીબુટ્ટી જેવાં પુરવાર થયાં છે. મહાપુરુષોનો અક્ષર દેહ એ રીતે જગાડનારો થઇ જાય છે. એ એક જ વાક્ય લખે એટલે આપણે દોડતા થઇ જઇએ.

ભાવનગરના પ્રવચનમાં માતા–પિતા ને દીકરી પ્રવચન પછી દર્શનની હરોળમાં ઊભાં હતાં. તેઓએ કહ્યું અમારે એક મુંઝવણ છે. પૂ.શ્રી કહે શું મુંઝવણ છે? તો કહે ત્રણ વર્ષથી મારી દીકરીનું સગપણ નક્કી કરેલું. છોકરો પરદેશ હતો. ધીરે ધીરે પત્ર લખવાનું પણ બંધ કરી દીધું છે કોઇ મંત્ર આપો જેથી અમને શાંતિ થાય. પૂ.શ્રીએ કહ્યું ''એક જ મંત્ર જપો. જપવાના હોવ તો, ''હતું શું ને ગયું શું?'' કેટલી સરસ વાત એક જ વાક્ય. આજે અમારા સ્નેહલભાઇએ એક વાત કરી. અમે



દશરથ યાત્રા માટે રેલ્વેમાં જતા હતા. બધું જ ચોરાઇ ગયું. એક ફક્ત નાસ્તાનો થેલો જ બચી ગયો એટલે તે ખોલીને ખાધું અને પ્રાર્થના કરી. સ્નેહલ અને દીપકભાઇના થેલામાં રૂા. ૫૦,૦૦૦/ની રકમ અને કેમેરા પણ ગયાં ને ફક્ત એક નાસ્તાનો થેલા જ બચ્યો, જે ખાઇને સંતોષ માણ્યો.

પૂ.માને જ્યારે આની જાણ થઇ તો પૂ.માએ કશી જ દીલગીરી કે દુઃખ વ્યક્ત કર્યા વગર કહ્યું જેના ભાગ્યનું હતું તે લઇ ગયા હવે તે અંગે દુઃખી થવાની જરૂર નથી. અમે તમને પૈસા પહોંચાડવાની વ્યવસ્થા કરીએ છીએ. જરૂરી કપડાં વગેરે ખરીદી લેજો. ને જે હેતું માટે ગયા છો, તે કામ કરીને આવજો કેવી તટસ્થતા!

પૂ.મા કહે છે એટલે અક્ષરની આવી તાકાત છે. અક્ષર પરબ્રહ્મ છે. પૂ.શ્રી કહે ઘણાં વાક્યો વાચીને હળવા થવાય ને એક જ વાક્ય વાંચી પણ હળવા થવાય.

મહાપુરુષના તપોમય જીવન દરમ્યાન મુખારવિંદમાંથી જે વાણી પ્રગટે તે ઘણીવાર દુર્બોધ(અબોધ) હોય છે. તો આપણે માટે તો પૂ.શ્રી ૧૧૦૦ પૃષ્ઠો લખી ગયા. ૧૧૦૦ પૃષ્ઠો જાણે ૭૨૦૦૦ નાડી જેવાં કિંમતી છે. આ ૭૨૦૦૦ નાડીમાંથી એક પણ નાડી કપાઇ જાય તો મૃત્યુ થાય. એ રીતે 'પ્રકાશપંથ'ની પ્રત્યેક પંક્તિ મુખ્ય નાડી જેવી મૂલ્યવાન છે. જો જો વાંચતા વાંચતા એકાદ પંક્તિ ઊંઘમાં ના જતી રહે. દરેક પંક્તિ અતિ મહત્ત્વની છે.

આત્મકથાના લેખક તરીકે પૂ.શ્રી સતત જાગૃત છે. વધુ પડતું પણ ના લખાય. આત્મકથા પૈસા કે આબરૂ કમાવા નથી લખાઇ.

ઈશ્વર ઈચ્છાથી લખાઈ છે. આપણે સહુ પણ ઈશ્વરની ઈચ્છાને લઈને જ અહીં આવી શક્યા છીએ. નહીં તો કોઈ ના આવી શકત! પ્રભુએ પસંદ કરીને મોકલ્યા છે તો શ્રી ભાગીરથીના પવિત્ર તટે ધ્યાનથી આપણે પારાયણ કરીએ ચૂકી ગયા તો નુકસાન. શ્રી બચુભાઈ, શ્રી જાગાણીભાઈ આજે નથી. આપણે જીવીએ છીએ એટલે આપણી પૃથ્વી પરથી પસંદગી થઈ છે. તો દરેક લીટી ધ્યાનથી વાંચીએ અને સાંભળીએ ને સમજીએ.

પ્રકરણ ૩ અને ૪માં રૂખીબાના મૃત્યુની. માતાપિતાની ઝાંખીની અને કુંભારના સ્વપ્નની વાત આવે છે.

પૂ.શ્રીમા ન્યુજર્સીમાં રહેલા દેવાંગભાઈના દાદાની વાત કરે છે. તેઓશ્રીના દાદાએ આગળથી જણાવી દેહ ત્યાગ કરેલો. તે ભાઈ વલસાડના વતની. તે પોતાના પુત્રને કહે છે. "ભાઈ, તું આજે મુંબઈ ના જતો." પછી સાંજ પડી પિતા કહે મારે સ્નાન કરવું છે અહીં કથરોટ લાવો પથારી પાસે. ત્યાં જ સ્નાન કરેલું પછી કહે દર્ભની પથારી કરો. બધા કુટુંબના સભ્યોને બોલાવી કહ્યું, 'હવે મારે જવાનું છે.'

'દીવો કરો.' એટલે મૃત્યુનું આગમન જાણી જતા હશે તો જ નિર્ભયતાથી કહી શકે. તેમને ત્યાં ચંપક નામે કૂતરો હતો. દાદાને ખૂબ વ્હાલો. આખી રાત તેમના પલંગ પાસે બેઠો. બધી વિધિમાં હાજર. તેરમાની વિધિ પતી કે ત્યાં જ ડોક ઢળી પડી એટલે જેને ચમત્કાર કહી શકાય તેવા ઘણા પ્રસંગો બનતા હોય છે. આપણે તે જાણતા નથી હોતા.

અમે ૨૦૧૧માં પહેલી વાર કેનેડા વન વિશ્રામમાં ગયાં ઘરની જે માલિક તેનું નામ ફ્લોરા. કહે મારે તમારા મધરને—



માને મળવું છે. મળીને પ્રશ્નો પૂછવા છે. તે કહે ડીસ્કવરી ચેનલ જોઉં છું અને કલકત્તા શહેર જોઉં છું. ત્યારે મને એમ થાય છે કે આ મારી જાણીતી ભૂમિ છે. મારા પિતા અંગ્રેજોના જમાનામાં પોલીસ હતા. મને કેમ એવું થાય છે. મુજવણ થતી હતી એટલે મારા પિતાને ફોન કર્યો. તો તેઓ કહે તને જે યાદ આવે છે ને દેખાય છે તે જગ્યા ઉપર આપણા ઘણા બધા સંબંધીઓની કબર છે. હમણાં ગયા મહિને ફ્લોરા ફરી મળી ને કહે. મને સ્વપ્ન આવ્યું. તેમાં મારું શરીર અધ્ધર ઉઠ્યું. દેવદૂતો મને લઈ જતા હતા. ખૂબ ઉડી પછી આંખ ખોલી તો ત્યાં સફેદ વસ્ત્રવાળા પૂ.શ્રી મા સર્વેશ્વરી હતાં. તો મારે માને મળવું છે. જગુભાઈ (કેનેડાવાળા) કહે મા તો બહાર જ છે પછી તેણે આ વાત કરી. "હું ખૂબ ખુશ છું. સ્વપ્નમાં મને પૂ.શ્રી માનાં દર્શન થયાં." એટલે કોને ક્યાં કેવા સંકેત મળે તે કોઈ જાણી શકતું નથી. એટલે કોનું કેવું ખાતું છે તેની કોઈને ખબર પડતી નથી. આવી અનેક વાતો સાંભળવા મળે છે અને સાચી પણ પડે છે.

અમે છેલ્લા ૩–૪ વર્ષથી અનુભવીએ છીએ કે જે થવાનું હોય તે જ સ્લેટમાં લખાતું હોય છે. પ્રભુની કૃપા. એવી જ કોઈ કૃપાથી રૂખીબાને અગાઉથી મૃત્યુની જાણ (પ્રકાશના પંથે)માં થાય છે. રૂખીબા ભક્તિભાવ ભર્યા ભક્ત એટલે પૂ.શ્રીનો માતૃપક્ષ પણ કેવો ધર્મ પરાયણ હતો તે જાણવા મળ્યું.

તા.૧૫–૨–૨૦૧૨ બીજા દિવસની બેઠકનો પ્રારંભ થાય છે. આજે પ્રકરણ પાંચ અને છ આ બેઠકમાં વંચાય છે. પિતાજીનું મૃત્યું, નવમું અવનવું વર્ષ.

પૂ.શ્રી મા આ વિષે લખતાં જણાવે છે માતાજીની વેદના

અને ઘરની ગરીબાઇ કેવાં હશે! તે કલ્પનાથી પણ ધ્રૂજી જવાય છે. ૧૫ દિવસમાં જ પિતાના મૃત્યુ પછી નાની બહેનની વિદાય. પૂ.શ્રીનું કેવું વૈરાગ્યવાળું મન કે નાની બહેનનું નામ પણ લખ્યું નથી.

અમે એક બે વાર પૂજ્ય શ્રીને પૂછેલું. બાળપણની કંઇક તો વાત યાદ હશેને! તો એવું કહ્યું કે માતાજીનું કલ્યાંત! ઘરના ઉંબરામાં માથું પછાડતા એવું યાદ છે. ને પિતાજીને ચિતા માટે લઇ જતા હતા ત્યારે તેમને પણ ચિતામાં પઠવાનું મન થયેલું. પૂ.શ્રીના પિતાશ્રી તેમને ખભા પર બેસાડીને લઇ જતા.

પિતાજીના સ્વર્ગવાસ પછી પૂ.શ્રીને મુંબઇ ઓરફનેજમાં ભણવા મૂકવાનું નક્કી થયું. તે હેતુસર વડોદરા તો પૂ.શ્રીને લાવ્યા. પરંતુ ગાડીમાં એકલા જ બેસાડી દીધાં. પાસે જે બેઠા હતા તેમને ભલામણ કરી કે આ છોકરાને મુંબઇ સેન્ટ્રલ ઉતારી દેજો. તેના મામાં લેવા આવશે. પૂ.શ્રીને પૂ.શ્રી માએ પૂછ્યું તમને ડર ના લાગ્યો? તમને ભૂખ ના લાગી? અમે ઘણાં પ્રશ્નો પૂછેલા. પૂ.શ્રીએ કહ્યું મુંબઇ પહોંચ્યા પણ કોઇ સ્ટેશન ઉપર લેવા જ ન આવેલ. સામેના પેસેન્જરે ઘોડાગાડી કરી આપી ને હું મામા જ્યાં નોકરી કરતા હતા ત્યાં પહોંચી ગયો.

પરમાત્માની યોજના વિના આ શક્ય બને! આ બધી વાતોની કલ્પના પણ કેટલી દુઃખદ છે! આજે તો પોતાના એકના એક બાળકને કૉલેજમાં મૂકવા પણ માતાપિતા જાતે જાય છે.

પ્રભુની યોજના હતી કે આ બાળકને આંખ ઉઘડતાં જ ખબર પડે કે મુંબઇ કેવું છે? એક તો પિતાનું મૃત્યુ, નાનકડી ઉંમર—ગામ છોડીને મુંબઇ જવું, એ બાળકની મનોવ્યથા કેવી



દુઃખદ હશે! પ્રકાશના પંથેની યાત્રા કરનાર એ બાળકને પ્રભુએ નાનપણથી જ તાલીમ આપવાની શરૂ કરી. એ બાળકની ગામડાની કુદરતી મોજ ઉપર કુદરતે કાપ મૂક્યો. સ્વતંત્રતા છીનવી લીધી. ગામડાના બાળકો તો કેવા મુક્ત મને રમતાં હોય! મોજ કરતા હોય. પૂ.શ્રીને તો તેમાંનું કાંઇ ન મળ્યું. માની હૂંફ પણ છીનવાઇ ગઇ. આશ્રમ ને કડક નિયમોમાં જીવનને કુદરતે મૂકી દીધું. સરોડા છોડ્યું તો આપણને એ મહાપુરુષ મળ્યા એમ માનીને એ વાતને વધાવી લઇએ.

૯ વર્ષના બાળકને આ જમાનામાં માબાપ ભૂખે મરતા હોય તોપણ એકલો ના મોકલે. માતાજીએ પોતાના મનને, મમત્વને, પ્રેમને કેટલો બધો વાળવો પડ્યો હશે! મનને કેટલું કઠણ કર્યું હશે! પૂ.શ્રી એક જ આધાર.

પૂ.શ્રી કહેતા કે માતાજી બાળભક્તો ધ્રુવ પ્રહ્લાદની વાતો સાંભળીને બેહોશ બની જતાં. કેટલું બધું કરુણચિત્ર! અહીં બેઠેલા ભક્તોમાંથી કોઇએ આવી કરુણ વાસ્તવિક્તા નથી વેઠી. પરમાત્માની જ યોજના હતી તો પૂ.શ્રીના મામા રમતાશંકર રસોઇઆની નોકરી માટે છેક મુંબઇ સુધી ગયા. પહેલાં મામાને મોકલે પછી પિતાજી મૃત્યુ ને પછી પૂ.શ્રીને મુંબઇ તેડે. ત્રણ ઘટના નક્કી જ કરેલી હશે એવું આજે લાગે. કેટલો મોટો આઘાત! માતાજીને પણ કરુણતામાંથી જાણે પરમ આનંદનો ઉઘાડ. જાણે પ્રકાશના પંથેનો ગ્રંથ.

(ક્રમશઃ)

# દેવી સુરેશ્વરી ભગવતી ગંગે

(આ લેખ ઉપર લેખકનું કોઇ નામ નથી લખેલું. પરંતુ હસ્તાક્ષર પરથી અમને લાગ્યું કે કદાચ બેનશ્રી ધીરજબહેન નાણાવટીનું આ લખાણ હોય. જે હોય તે, પરંતુ સરસ ભાવો અક્ષર દેહ પામ્યા છે.) —તંત્રી

''દેવી સુરેશ્વરી ભગવતી'' વંદે જે અવર્ણનીય છે. તેને શબ્દોમાં કેવી રીતે વ્યક્ત કરી શકાય? છતાંયે આ બાબતે જે સૂઝ્યું, તે જેનાં દર્શન મંત્રમુગ્ધ થઇને કર્યા તેનો જે અપાર આનંદ મળ્યો છે, તેને બધાની સાથે માણ્યા વગર કેમ રહેવાય? ''આનંદ'' જેમ વહેંચાય તેમ વધે'' એમ કાકા સાહેબે ક્યાંક લખ્યું છે. શ્રી મકરંદ દવે એ પણ ગાયું છે. ''ગમતું મળે તો અલ્યા ગુંજે ન ભરીએ, ગમતાંનો કરીએ ગુલાલ'' તો આજે જે જુદા જુદાં સ્વરૂપોની ઝાંખી થઇ છે તેનો લ્હાવો લઇએ.

શુભ ગુરુપૂર્ણિમાના બીજે દિવસે (૨૭ જૂન ૨૦૧૧) પૂ.શ્રી માએ સત્સંગ ગોઠવ્યો હતો, તેમાં શ્રી ગંગામાતાના સાક્ષાત દર્શન વિવિધ સ્વરૂપોનાં સાક્ષાત દર્શન કરાવ્યા હતાં. કેમે કર્યા ભૂલ્યા ભૂલાય નહીં! સતત આંખ સામે તરંગો ઉઠ્યા કરે ને આનંદની નદી વહેતી રહે. ગજબ અનુભવ ૧૯૯૬ના ટેક્ષસાસની શિબિરમાં પૂ.શ્રી માએ પોતાના પાવન અનુભવોની વાત કરી હતી. તેમાં ખૂબ સુંદર રીતે શ્રી ગંગાજીના સ્વરૂપના દર્શનની વાત કરી હતી. એ ગંગા વહેતી વહેતી ક્યાંથી ક્યાં ઘુમી રહી છે. તેની કલ્પના કરવી મુશ્કેલ છે. તે વખતે પણ ભાવાંજલિ આપ્યા વિના રહેવાયું નહોતું. એજ ગંગા સુરેશ્વરીમાંથી સર્વેશ્વરી બનીને સૌને ભીંજવી રહી છે. પાવન



કરી રહી છે. જીવન ધન્ય બનાવી રહી છે. ઈશ્વરની અગાધ અગમ્ય કૃપાનું આ પરિણામ છે. જગતના આદિ પિતા શ્રી શંકરની જટામાં જેનું સ્થાન હોય તેવી દિવ્ય ગંગામાતા પૃથ્વી પર ભગીરથના પ્રયત્નથી અવતરે અને સૌને ધન્ય બનાવી દે. એ કંઇ જેવી તેવી વાત નથી. આપણી દેવી સર્વેશ્વરીને શ્રી યોગેશ્વરજીએ ધરતી પર લાવી આપણા પર અગણિત ઉપકાર કર્યા છે. કોટી કોટી પ્રણામ, પ્રણામ, પ્રણામ, પ્રણામ.

હવે આપણે મૂળ મુદ્દાની વાત કરીએ. પૂ.શ્રી 'મા'ની શ્રી ગંગાજી સાથેની અકતાનાં વિવિધ દર્શન જુદા જુદા સ્વરૂપે કરવા મળ્યાં. પ્રથમ તો આ યાત્રા અવિરત ચાલ્યા કરે છે. વહ્યા જ કરે છે. અને અહીં અમેરિકામાં બેઠા બેઠા તેમાં સ્નાન કરવાનાં લ્હાવો પૂ.શ્રી મા સૌને આપી રહ્યાં છે. તેના કોટી કોટી પ્રણામ. નાના હતા ત્યારે બે વાર હરિદ્વાર ગયાં, ત્યારે શ્રી ગંગામાતાના દર્શન કર્યાં હતાં. થોડાં દશ્યો નજર સામે તર્યા કરે છે. ખાસ કરીને રાત્રે મુકાતા દિવડા અને આરતી ભૂલ્યા ભૂલાય તેમ નથી. ત્યાર પછી ૨૦૦૧માં મહાકુંભ મેળામાં અલ્હાબાદ પાસે ત્રિવેણી સંગમ જોતાં ગંગાના કંઇક જુદા જ દર્શન થયાં. હવે તો આપણે શ્રી ગંગામાને ચરણે અસ્થિ રૂપે મળવા જવાનું છે. તે કાયમને માટે તેના ખોળે રમવાનું બાકી રહ્યું છે.

પૂ.શ્રી મા જે રીતે ગંગાજીને ભેટવા જાય છે ને મસ્ત બનીને માણે છે તે ખરેખર અદ્ભુત દર્શન છે. તેમના પગલે પગલે જાણે નિર્જીવ પાષણ પણ આનંદિત થઇ ઉઠે છે. ને પૂ.શ્રી માના ચરણ કમલને ચૂમી રહ્યા હોય તેમ લાગે છે. પથ્થર, રેતી, પાણી, અગ્નિ,(તડકો—ગરમી) બધાં જ ઉત્સુકતાથી પૂ.શ્રી માના ચરણ સ્પર્શનો લાભ લેવા અતુર બનીને રાહ જોઇ રહ્યા હોય તેવા

લાગે છે. કોઇ જુવાન પણ આવા લપસણા પથ્થરો પર ચાલવાની હિંમત ન કરે ત્યાં પૂ.શ્રી મા બરાબર સમતોલપણું (Balance) જાળવીને જે રીતે પગલાં પાડે તે પણ જોવાને માણવા જેવું છે. ક્યાંય જરાય ભય નહીં. યોગસિદ્ધને લીધે પૂ.શ્રી માને કોઇ વસ્તુમાં ભય નહિં. નિર્ભયતા એ સૌથી મોટો સદ્ગુણ ગીતામાં કહેવામાં આવ્યો છે. શ્રી રામના ચરણ સ્પર્શથી જેમ ''શબ્યામાંથી અહલ્યા'' બની ગયા હતા તેમ શ્રી માના ચરણ સ્પર્શથી ત્યાંના દરેક પદાર્થોમાં જીવ આવી ગયો હોય તેમ લાગે. પૂ.શ્રી માની પસંદગી પણ જેવી તેવી નથી. ખૂબ સુંદર રંગ બે રંગી આસનો પૂ.શ્રી મા માટે તૈયાર કરી રાખ્યા હોય તેવું લાગે છે. બાળ સુલભ સરળતાથી સિંહાસનની પસંદગી કરીને પૂ.મા ઠાઠમાઠથી તેના પર પધારે ને શ્રી ગંગામાના પવિત્ર શીતળ જળને સ્પર્શ કરીને રમત રમે એ જોવાનો પણ જીવનને લ્હાવો છે. પૂરેપૂરા તરબોળ થઇને જાણે કે ગંગામાને બાથમાં લઇને પ્રેમથી આલિંગન કરવા જતાં હોય તેમ લાગે. ખોબે ખોબે પાણી લઇને અંગો પાવન કરે ને સાથે સાથે પૂ.શ્રી ગંગામાને પણ પાવન કરતાં જાય. એક ભજનની કડી યાદ આવે છે. ''નાવિક નાવડી લે પેલે પાર.''

**''ઉછળતા જ્યમ અઢળક પાણી ઉછળતું ત્યમ અંતર જાણે''** પૂ.શ્રી મા પણ તરંગોમાં તોફાની બાળ જેવી રમત રમતા રહે, તો ક્યારેક વળી ચરણકમળ, કરકમળ, મુખ કમળ પર પાણી છાંટતા જ રહે. અરે! તેમનાં વસ્ત્રો, ગૌમુખી માળા, અંગ પરના અલંકારો બધાને જ લ્હાવો આપતાં રહે. ક્યારેક વળી એકદમ આંખ મીંચીને હાથમાં માળા લઇને જાણે સમાધિમાં બેઠાં હોય તેમ એકદમ ધ્યાનમાં ગરકાવ થઇ જાય. વળી પાછાં ઊભાં



થઇને બીજા આસન પર વિરાજે જુદી જુદી જગ્યાને પાવન કરવા જુદા જુદા સ્થાન પસંદ કરે, તેમનાં શ્વેત વસ્ત્રો સાથેના તેમનાં દર્શન ચાંદનીમાં ઉગતા સફેદ પોયણા જેવાં લાગે. તેમના જુદા જુદા હાવભાવ, ચલન, ઉડ્ડયન આસનો વગેરે જોયા જ કરીએ તેમ થાય. એવું લાગે કે શ્રીગંગામાતા પોતાના બાળને પોતાની ગોદમાં લેવા આતુરતાથી દોડતા દોડતા આવે ને આ બાળ થાપ આપીને અહીંથી તહીં કુદકા મારીને દોડાદોડ કરાવે. શ્રીરામ આંગણામાં દોડે ને પિતા દશરથ પકડવા જાય તેવું કંઇક દર્શન કરવા જેવું મળે. પૂ.શ્રીમાની સ્વસ્થતા, સુઘડતા, પ્રેમ આનંદ સમર્પણ, નિર્ભયતા, સહજતા, કુદરતની સાથેનો પ્રેમ વગેરેનું અવલોકન કરીએ તો તેનો પાર ન આવે. માત્ર ૧ કલાકની ઝાંખી પણ સ્મરણમાં એવી વણાઇ જાય કે જીંદગીભર ભૂસાઇ ન જાય.

હળવા થાઓ, ખાલી થાઓ ને ભરાઇ જાઓ પ્રભુ પ્રીતથી. —મા

**સંદીપ વેલ્ડીંગ વર્ક્સ**

**ગ્રીલ, દરવાજા, તેમ જ મેઇન ગેટના સ્પેશ્યાલીસ્ટ**

તેમ જ

**દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.**

મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, **સુરત**-૩૯૫૦૦૭

# રસેશ્વરી

(ગતાંકથી ચાલુ) — શ્રી યોગેશ્વરજી

કંસ એ જયજયકારથી, ક્રોધે ભરાયો,

એણે કહ્યું :

'હજુ મહાબળવાન તોશક એમની સાથે કુસ્તી કરશે. એ ચાણૂર તથા મુષ્ટિક કરતાં વધારે પરાક્રમી છે.'

પરંતુ તોશકની પણ એવી જ દશા થઇ. કૃષ્ણના વજ્રપ્રહારથી એ રક્તવમન કરતો ધરતી પર ઢળી પડ્યો.

દુર્બળ દિલના બીજા મલ્લો કૃષ્ણ તથા બળરામનું પરાક્રમ પેખીને કંપવા લાગ્યા.

નંદ, વસુદેવ, દેવકી તથા બીજા અસંખ્ય પ્રજાજનો પ્રસન્ન થયાં. કંસે કંપિત સ્વરે કહેવા માંડ્યું :

'સેવકો, શું જોઇ રહ્યા છો? આ બંને દુષ્ટ છોકરાઓને. નંદને, વસુદેવને અને દેવકીને પકડીને કેદ કરી લો. હું એમને એમના કુકર્મનો દંડ આપું છું.

'કુકર્મનો દંડ તો તને જ આપવાનો છે, કંસ!' કૃષ્ણે કહ્યું; 'હવે એની નિર્ધારીત ઘડી આવી પહોંચી છે.'

'તું મને દંડ આપવાની શક્તિ નથી ધરાવતો. તું કશુંક કરી શકે તે પહેલાં તો તને યમલોકમાં પહોંચાડી દઇશ.'

કંસ સિંહાસન પરથી ઊભો થઇને તલવાર ખેંચવા લાગ્યો. પરંતુ તલવારને બહાર કાઢી શકે તે પહેલાં તો કૃષ્ણે કૂદીને એની પાસે પહોંચીને કહ્યું :

'હવે તું જ જોઇ લે કે યમસદનમાં કોણ કોને પહોંચાડે છે!'



કંસ કંપવા લાગ્યો.

એના મસ્તક પરનો મણિજડિત મુકુટ નીચે પડી ગયો.

એના કેશને પકડીને કૃષ્ણે એને નીચે નાખ્યો.

કૃષ્ણના પાશમાંથી છૂટવા અને એમની ઉપર પ્રહાર કરવા કંસે બનતો બધો જ પ્રયત્ન કરી જોયો પરંતુ એ પ્રયત્ન નિષ્ફળ ગયો.

કૃષ્ણે એની છાતી પર ચઢીને કહ્યું :

'હવે તને આકાશવાણીની સત્યતા સમજાશે.'

'પરંતુ તું વસુદેવ અને દેવકીનો પુત્ર છે કે નંદ તથા યશોદાનો?'

'વસુદેવ તથા દેવકીનો. મારો જન્મ તારા કારાગારમાં થયેલો પણ મારા જન્મ પછી મારા પિતાએ મને નંદને ત્યાં પહોંચાડેલ.'

'અને દેવકીની પેલી કન્યા?'

'એ તો યશોદાની કન્યા હતી.'

કંસે દાંત કચકચાવીને કહ્યું :

'ત્યારે તો તમે બધાં જ અપરાધી છો. એકસરખાં શિક્ષાપાત્ર.'

'અપરાધી તથા શિક્ષાપાત્ર તો તું જ છે. તેં પ્રજાનું ખૂબ જ અમંગલ કર્યું છે.'

કંસ વધારે કાંઇ બોલે તે પહેલાં તો કૃષ્ણની આગળ એ એકદમ અસહાય બન્યો. એનો પ્રાણ ઊડી ગયો.

દર્શકો સ્તબ્ધ બની ગયા.

કૃષ્ણના વિજયધ્વનિથી વાતાવરણ ગુંજી ઊઠ્યું.

કંસનો નાશ થયેલો જોઇને એના ભાઇ સુનામાએ કૃષ્ણ પર આક્રમણ કર્યું.

એનાં લોચન લાલ બની ગયાં.

પરંતુ એનો પ્રયત્ન સફળ થાય તે પહેલાં તો કૃષ્ણે પોતાના વજ્રતુલ્ય મુષ્ટિપ્રહારથી એનો નાશ કરી નાખ્યો.

એ જોઇને વિરોધીઓમાંથી બીજા કોઇની આગળ આવવવાની હિંમત ના રહી.

રહ્યાસહ્યા વિરોધીમાંથી કેટલાક ત્યાંથી ચૂપચાપ ચાલી નીકળ્યા તો બીજા કેટલાક પલટાયલી પરિસ્થિતિને સમજી જઇને કૃષ્ણના પ્રેમી કે પ્રશંસક તરીકેનો અભિનય કરવા લાગ્યા.

**ઉગ્રસેનનો અભિષેક**

કંસના મૃત્યુથી મથુરાની મોટા ભાગની પ્રજા પ્રસન્નતાનો અનુભવ કરવા ને કૃષ્ણનું જયગાન ગાવા લાગી.

પીડિત, અશાંત અથવા ત્રસ્ત પ્રજાએ એકાએક રાહત અનુભવી.

કંસના અસંખ્ય અત્યાચારોનો એના જીવન પર પડદો પડવાથી આકસ્મિક રીતે જ અંત આવ્યો.

એક અનર્થકારક અધ્યાયની ઇતિશ્રી થઇ.

કૃષ્ણના અદ્ભુત જીવનકાર્યની એક મહામૂલી મહત્ત્વની સિદ્ધિ પ્રાપ્ત થઇ.

કૃષ્ણને પોતાને તો એને લીધે આનંદ થયો જ પરંતુ જનતાનું ઉર પણ એનો ઉત્સવ કરવા લાગ્યું.

કંસના મૃત્યુનું કોઇને દુઃખ ના થયું એ હકીકત ઓછી સૂચક ન હતી.



એમાં પ્રજાના એ વખતના માનસનું પ્રતિબિંબ પડતું હતું. પ્રજા સામૂહિક રીતે કંસથી કેટલી બધી અસંતુષ્ટ હતી તેની કલ્પના કરવામાં એથી મદદ મળતી હતી.

જે બળો કંસની સામે બળવો પોકારવાના ઘાટ ઘડી રહેલાં તેમણે એક પ્રકારની કૃતાર્થતાનો અનુભવ કર્યો.

એમને એમનું સ્વપ્ન સિદ્ધ થયેલું લાગ્યું.

કંસનો નાશ કર્યા પછી કૃષ્ણે સ્તબ્ધ, આશ્ચર્યચકિત અથવા આનંદિત થયેલી જનતાને જણાવ્યું :

'કંસ એનાં કુકર્મોથી જ નાશ પામ્યો છે. એણે પ્રજાને પીડા પહોંચાડી એટલે એની ઉપર કાળનો કોપ થયો છે. એના નાશમાં મારે તો કેવળ નિમિત્ત જ બનવું પડેલું. ખરું જોતાં તો તમે બધા જાણો તેમ એ મારા અને બળરામના જીવનનો અંત આણવા માગતો'તો પરંતુ એને એની દુર્ભાવનાનો દંડ મળ્યો. હવે પ્રજાની સુખશાંતિ તથા સમૃદ્ધિના નવા યુગની શરૂઆત થશે.'

(ક્રમશઃ)


**✻ સ્થાપત્ય કન્સ્ટ્રક્શન ✻**

**પ્રો. મનીષ હરિભાઇ ભોજાણી,**

**બિલ્ડર્સ એન્ડ ડેવલપર્સ,**

મધુર કોમ્પ્લેક્ષ, શનાળા રોડ, મહારાજા ટાઇલ્સ સામે,

**મોરબી**–૩૬૩૬૪૧.

ફોન : (ઓફિસ) ૨૨૧૩૮૧, (રહેઠાણ) ૨૩૦૨૨૨.